વિ.સં. ૨૦૬૭ ● વર્ષ - ૧૧, અંક-૯
મૂલ્ય છૂટક નકલ રૂા. ૪/-

ચૈત્ર વદ પ્ર.-૧૩, શનિવાર, તા. ૩૦-૪-૨૦૧૧
મે – ૨૦૧૧

❀ પ્રવચનકાર ❀

**સકલાગમ રહસ્યવેદી, પરમ ગીતાર્થ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ પરમ શાસન પ્રભાવક સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

# શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

*(અનન્તોપકારી શ્રી અરિહંત પરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ **ભાવદેવસૂરીશ્વરજી મહારાજા** વિરચિત **'શ્રી પાર્શ્વનાથ ચરિત્ર'**માં પૂજ્યપાદ મુનિરાજ **શ્રી હરિશ્ચન્દ્ર મહાત્મા**એ ફરમાવેલી દેશનામાં - ''ધર્મના પક્ષપાતથી પણ જય પ્રાપ્ત થાય છે અને એના વિપરીતપણાથી એટલે કે ધર્મનો પક્ષપાત પણ નહિ કરવાથી વિનાશ પ્રાપ્ત થાય છે''...... આ વાતને વિસ્તારથી વર્ણવતાં **શ્રી લલિતાઙ્ગકુમાર** તથા **સજ્જન**નું કથાનક પૂ. મુનિભગવંતે વર્ણવેલું. એનો વિચાર કરતાં અત્યાર સુધી આપણે જોઈ ગયા કે તે તે વૃદ્ધ પુરુષોએ **'અત્યારે અધર્મથી જય થાય છે.'** - આ પ્રમાણે જણાવ્યાથી, રાજકુમાર બંન્ને વાર શરત હારી જાય છે. તેથી તેઓ **સજ્જન**નું નોકરપણું અને નેત્રથી રહિતપણું પામે છે. આવી અવસ્થામાં 'ધર્મનો પક્ષપાત કરવા સ્વરૂપ વૃક્ષના પુષ્પોરૂપ સર્વસંપત્તિનો નાશ તો થયો છે અને નેત્રોના અભાવ સ્વરૂપ પ્રાપ્ત થયેલા ફળને તું ભોગવ !' - આ પ્રમાણે કહીને ઘોડા ઉપર બેસી સજ્જન જતો રહે છે.*

*કથાના અહીં સુધીના વૃત્તાન્તનું વર્ણન થયા પછી કથાના આગળના વૃત્તાન્તના વર્ણન વિષયક તથા પ્રસ્તુત ચરિત્ર અંગેના પૂજ્ય પ્રવચનકારશ્રીજીના વધુ પ્રવચનો ઉપલબ્ધ થતા નથી. તેથી વાચકોની જિજ્ઞાસાની તૃપ્તિ અર્થે ફક્ત કથાના શેષ ભાગનો અનુવાદ અમે અત્રે પ્રગટ કરીએ છીએ. વાચકોને નોંધ લેવા વિનંતિ કે હવેનું વર્ણન પ્રવચનરૂપે નથી પણ અનુવાદરૂપે છે અને તે વાચકોને કથા પૂરેપૂરી વાંચવા મળે તે હેતુથી જ પ્રગટ કરેલ છે. - **સંપાદક**)*

હવે ગતાંકથી કથાનો આગળનો વૃત્તાન્ત આપણે જોઈએ -

**दध्याविदमसम्भाव्यसम्भवाच्चेतसि क्षणम् ।**
**किमिदं हन्त ! धर्मैकनिरतस्य ममाऽभवत् ।।**
**तदीयवचनस्याऽपि प्रामाण्यं जाघटीति किम् ? ।**

કલ્પી ન શકાય એવું બનવાથી ક્ષણવાર કુમાર મનમાં વિચારે છે કે-ખેદની વાત છે! કે ધર્મમાં જ નિરત એવા મને આ શું થયું? શું સજ્જનનું વચન સાચું છે? ક્ષણવાર માટે કુમારના મનમાં



ફોન: ૨૩૪૨ ૭૦૬૧-ઓ. **માનદ્ સંપાદક : શાહ દિલીપ હરગોવિંદદાસ ઘીવાળા** ફોન: ૨૩૮૬ ૬૮૧૨ (ઘર)
કાર્યાલય : **શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, ૫૯, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.**

જે વિચાર આવ્યો તે આપણે સમજી શકીએ છીએ. ખૂબ જ વિચિત્ર પરિસ્થિતિ છે. ઘોડો પણ જતો રહ્યો અને આંખો પણ જતી રહી. અને આવી સ્થિતિમાં નિર્જન સ્થાને સજ્જન તેને એકલાને મૂકીને જતો રહ્યો છે. દુઃખની કોઈ સીમા નથી. ગમે તેવા કઠિન કાળજાવાલા માણસને પણ કંપાવી નાંખે એવી વિષમ સ્થિતિ છે. તેથી ક્ષણવાર કુમારને એવો વિચાર આવે એ બનવા જોગ છે. પરન્તુ તુરત જ પરમસત્વશાલી કુમાર વિચારે છે કે -

**आ: ज्ञातमथवा सिद्धि: कष्टेनाऽन्तरिताऽखिला ।।**
**यथाङ्गक्षालक: पूर्वं मलापनयनोद्यत: ।**
**तैलचूर्णादिकं देहे नियोजयति किञ्चन ।।**
**तथा धर्मोऽपि जीवस्य सिद्धिशुद्धिविधित्सया ।**
**प्राच्यकर्ममलोच्छित्त्यै करोति क्षणमापदम् ।।**
**धिग् धिग् मे मोहहतकादिदं वैलोम्यचिन्तनम् ।**
**धर्म एव ध्रुवं नाऽन्यो जयहेतु र्जगत्त्रये ।।**

હા ! જાણ્યું; બધી સિદ્ધિીઓ કષ્ટપૂર્વકની હોય છે. પોતાના શરીર ઉપરના મલને દૂર કરવા માટે પ્રયત્નશીલ બનેલો સ્નાન કરનારો જેમ સ્નાનની પૂર્વે શરીર ઉપર તેલ ચણાનો લોટ વગેરે લગાડે છે તેમ ધર્મ પણ જીવને સિદ્ધિદ્વારા શુદ્ધ બનાવવાની ઈચ્છાથી; પૂર્વકર્મોના મલના ઉચ્છેદ માટે ક્ષણવાર આપત્તિને કરે છે. તેથી મોહથી હણાવાના કારણે મારા માટે વિપરીત ચિન્તવવું ખૂબજ ધિક્કારને પાત્ર છે. કારણકે ત્રણ જગતમાં જયનું કારણ નિશ્ચિત પણે ધર્મ જ છે. બીજું કોઈ જ નથી. - આ પ્રમાણે કુમારે તુરત જ મનમાં વિચારીને ધર્મના જ શરણે રહેલા તેઓએ ફરીથી પોતાના મનને માર્ગમાં પ્રસ્થાપિત કર્યું. કારણકે સત્પુરુષોને દૈવને આધીન એવા શરીરમાં આસ્થા હોતી નથી. પ્રયત્નપૂર્વક માર્ગે આણેલા મનમાં જ તેમને આસ્થા હોય છે. દુઃખમાં શરીરનું અનુસરણ કરતા એવા મનને; આ શરીરથી આત્મા જુદો છે..... ઈત્યાદિ વિચારણાથી સમજાવીને ધીર પુરુષો માર્ગમાં મનને સ્થિર કરે છે.

આ ઉપરથી લલિતાંગ કુમારની સાત્ત્વિકતા અને ધીરતાનો સારી રીતે આપણને ખ્યાલ આવી શકશે. ધર્મ કરતી વખતે આવેલી આપત્તિ ધર્મના કારણે આવી નથી. પરન્તુ પૂર્વે ઉપાર્જેલા અશુભ કર્મોના વિપાકના કારણે તે આવી છે. આવી અવિચલ શ્રદ્ધાને લઈને કુમાર અત્યન્ત વિકટ સંયોગોમાં પણ સત્ત્વ અને ધૈર્ય જાળવી રહ્યા છે. નથી તો દુઃખથી અકળાતા અને નથી તો દીનતાને મનમાં લાવતા. ધર્મની આસ્થાનો આ એક અદ્ભુત પ્રભાવ છે. ધર્માત્માઓને દુઃખ નથી સતાવતું, કર્મ સતાવે છે. તે કર્મોના સર્વથા ઉચ્છેદ માટે ધર્મ વિના બીજો કોઈ ઉપાય નથી. મોહને લઈને ક્ષણવાર માટે કુમારને વિપરીત વિચાર આવ્યો. પણ બીજી ક્ષણે તુરત જ એ વિચારને દૂર કરી ધર્મની સ્થિરતાને પ્રાપ્ત કરી લીધી. દુઃખને ગણકાર્યા વિના દુઃખને સહી લેવાની વૃત્તિ કેળવી લેવાથી દુઃખ જાય કે ના જાય, પણ ધર્મ તો નથી જ જતો - એ આ પ્રસંગથી જોઈ શકાય છે. શ્રદ્ધાની દઢતા વિના ધૈર્ય અને સત્ત્વ પ્રાપ્ત કરવાનું શક્ય જ નથી.

આ રીતે કુમારને સજ્જન છોડીને જતો રહે છે; ત્યારે પોતે હોવા છતાં કુમારના મહાદુઃખને દૂર કરવા અસમર્થ એવો સૂર્ય જાણે કે એ મહાદુઃખને જોવું ન પડે - એ માટે અસ્ત પામ્યો. પક્ષીઓ પણ એ દુઃખને લઈને રડતા હોય એ રીતે અવાજ કરતા પોતાના માળામાં પેસી ગયાં. અને પૃથ્વી પણ તદ્દન શાંત બની. એટલે કે રાત પડી. **अहो ! कथमसौ भावी महात्मेतीव चिन्तया ?** અર્થાદ્ અહો ! આ મહાત્માનું હવે શું થશે ? આવી ચિન્તાથી જાણે ન હોય તેમ રાત્રે બધી શાંતિ થઈ. ત્યારે એક વડના વૃક્ષ નીચે કુમાર રહ્યા છે.

એ વડના વૃક્ષ ઉપર ભારંડ પક્ષીઓ ભેગા થઈ વાતે વળગ્યા છે. એ વખતે વાતવાતમાં કોઈએ કહ્યું કે જેણે જે કોઈ કૌતુક જોયું હોય અથવા સાંભળ્યું હોય તે કહો. આથી તેમાંના એકે કૌતુક કહ્યું કે - 'અહીંથી પશ્ચિમ દિશામાં ચંપાનગરી છે. તેમાં ભુવનવિખ્યાત **જિતશત્રુ** નામના રાજા છે. તેમની પ્રાણથી પણ અધિક પ્રિય એવી **પુષ્પાવતી** નામની પુત્રી છે. જેણીના રૂપની પ્રશંસા દેવો પણ કરે છે. પરન્તુ દૈવયોગે સર્વાડગે સુંદર એવી પણ તે કન્યા જન્મથી જ અંધ છે. એક વખત રાજસભામાં બિરાજેલા રાજાને તે કન્યાને જોઈને મનમાં ઘણી જ ચિન્તા થઈ. રાજા મનમાં વિચારે છે કે આવી સુંદર રૂપવતી કન્યાનું નિર્માણ કરીને તેણીને દૈવે શા માટે આવી વિડંબના પમાડી છે ? અન્ધપણાના દોષથી દૂષિત એવી આ પુત્રી માટે

હું શું કરું ? હવે દૈવને દોષ આપવાથી સર્યું ! વરવા યોગ્ય આવી આ કન્યા હોવાથી કોઈ ઉપાય રચવો જોઈએ.' આ પ્રમાણે ચિંતવીને રાજાએ નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે - 'હે લોકો ! જિતશત્રુ રાજાની આ કન્યાને જે નેત્રો આપશે એટલે કે દેખતી કરશે તેને રાજા આ કન્યા અને રાજ્યનો અડધો ભાગ આપશે.' આ પ્રમાણે પડહ વગાડવા પૂર્વક રાજાના માણસો નગરમાં ઉદ્‌ઘોષણા કરતા ફરે છે. ત્યાર પછી ત્યાં શું થશે તે હું જાણતો નથી. આ પ્રમાણે ભારંડ પક્ષીએ જણાવ્યું ત્યારે આશ્ચર્યથી, એક નાની પાંખોવાળા ભારંડપક્ષીએ તેમને પૂછ્યું કે 'હે તાત ! એ કન્યાને નેત્રો પ્રાપ્ત કરવા માટે કોઈ ઉપાય પણ હશે ને ?' તેના જવાબમાં તેણે કહ્યું કે 'જાત્યંધને વત્સ ! દૃષ્ટિ કયી રીતે મળે ? પરન્તુ અચિન્ત્ય શક્તિ છે જેની એવા મણિ મન્ત્ર અને મહૌષધિઓ ઘણી છે.' આ પ્રમાણે સાંભળીને નાના ભારંડપક્ષીએ કહ્યું કે 'તાત્ ! તો જણાવો.' તાતે કહ્યું કે 'ના કહેવાય, રાતે તો વૃક્ષને પણ કાન હોય છે.' આથી નાના ભારંડે બાલ્યભાવે (સરલતાથી) તે અંગે આગ્રહપૂર્વક પૂછ્યું તેથી દિવ્યજ્ઞાની એવા તેમણે આ પ્રમાણે કહ્યું.

'આ વૃક્ષના થડ ઉપર વીંટળાએલી જે વેલડી છે તે વેલડીના રસને નેત્રોમાં નાંખવાથી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. અર્થાત્ અંધાપો દૂર થવાથી નવાં નેત્રો પ્રાપ્ત થાય છે.' - આ પ્રમાણે પોતાના પિતાનું વચન સાંભળીને તાતને પૂછ્યું કે 'હે તાત ! સવારે કઈ તરફ આપ જવાનો છો ?' ત્યારે તેમણે કહ્યું કે '**જિતશત્રુ** રાજાના નગરમાં જ હું જવાનો છું.' આથી નાના ભારંડે કહ્યું કે 'મારે કૌતુક જોવું છે માટે મને સાથે લઈ જજો.'

આ બધો ભારંડપક્ષીઓનો વાર્ત્તાલાપ વૃક્ષ નીચે રહેલા લલિતાંગકુમારે સાંભળ્યો. એ સાંભળીને કુમાર મનમાં વિચારે છે કે 'શું આ સત્ય છે કે અસત્ય ? અથવા તો મારો આ ભ્રમ છે ? ખરેખર જ સત્પુરુષોને વિપત્તિઓના ઉચ્છેદ માટે સદાકાલ ધર્મ જ જાગતો છે.' આવી આપત્તિઓની વચ્ચે પણ ધર્મ પ્રત્યેની આસ્થા કુમારની અકબંધ છે. - એ આપણે જોઈ શકીએ છીએ. હાથના સ્પર્શવડે વૃક્ષ ઉપર વીંટળાએલી વેલડીને કુમારે શોધીને પોતાની પાસેની છરીથી કાપી લીધી. અને એના એક ટુકડાનો રસ બંન્ને નેત્રોમાં પૂર્યો. તેના પ્રભાવે તુરત જ રાત હોવાં છતાં કુમારને બધું સ્પષ્ટપણે દેખાવાં લાગ્યું. તેથી મનમાં કુમારે વિચાર્યું કે 'શું દૈવ ! પુષ્પાવતી અને રાજ્યના લાભ માટે આ છે ? તો આ વડના વૃક્ષઉપર ચઢીને ભારંડપક્ષીઓની સાથે હું ત્યાં જઉં ?' - એ વિચારીને પેલા પક્ષીઓની પાંખોમાં છુપાઈને કુમાર રહી ગયા. સવારે કુમારની સાથે ભારંડપક્ષી ઉડીને ચંપાનગરીના ઉદ્યાનમાં ગયા. ત્યારપછી પક્ષીની પાંખમાંથી નીકળીને નિર્મલ એવા સરોવરમાં કુમારે સ્નાન કર્યું. અને પછી ફળોનો આહાર કરીને તેઓ નગરમાં ગયા. પડહની ઉદ્‌ઘોષણાને સાંભળતાં સાંભળતાં કુમારે પડહની ઉપર લખેલા શ્લોકને જોયો. તેમાં લખ્યું હતું કે 'જિતશત્રુ રાજાની આ પ્રતિજ્ઞા છે કે - 'મારી પુત્રીને નેત્ર આપનારને રાજ્યનો અડધો ભાગ અને કન્યાને હું આપીશ, અન્યથા નહિ' - આ પ્રમાણે વાંચીને રાત્રે સાંભળેલી વાતની ખાત્રી થવાથી અને ચોક્કસ શુભના સંભવનો ઉત્કર્ષ જણાવાથી મનમાં અતિશય આનંદ પામ્યો.

ઈંગિતાકારને જાણવામાં અત્યન્ત નિપુણ એવા રાજાના પુરુષોએ કુમારના મનના ભાવોને જાણીને કુમારની અનુમતિ લઈને રાજાને બધી વાત જણાવી. 'હે દેવ ! આપનો જય થાઓ, વિજય થાઓ ! આપના મનોરથને પૂરનાર એક પુરુષ ભાગ્યયોગે દરવાજે આવ્યા છે.' - આ પ્રમાણે કાનને માટે અમૃત સમાન વચનોને સાંભળીને અત્યન્ત આનંદ પામેલા રાજાજીએ પોતાના શરીર ઉપરના બધા જ અલંકારો એ રાજપુરુષને આપી દીધા. અને પોતાના મનોરથને પૂરનાર એ પુરુષને જોવા માટે ભેટવા માટે અત્યન્ત ઉત્કંઠાવાલા તેઆશ્રીએ કુમારને બોલાવ્યા. ગુણોથી અધિક એવા કુમારને જોઈને તેમના આકારના દર્શનથી તેમના ગુણોનો રાજાજીએ નિશ્ચય કર્યો.

કુમારને જોતાંની સાથે જિતશત્રુ રાજા અત્યન્ત હર્ષને પામ્યા. તેમનું શરીર રોમાન્ચિત થયું. ખોળામાં બેસાડીને ગાઢ આલિંગન કરીને અને હર્ષના આંસુઓથી કુમારને સ્નાન કરાવીને સ્નેહ સભર મધુર વાણીથી રાજાજીએ કુમારને પૂછ્યું. 'આપનું કુળ કયું છે ? જાતિ કયી છે ? અને જન્મથી કયા નગરને આપે પવિત્ર કર્યું છે ?' - આ પ્રમાણે પૂછવાથી કુમારે પણ કહ્યું કે 'હે દેવ ! કાર્ય કયું છે - તે ફરમાવો. બીજી બધી વાતોનું કાંઈ કામ નથી. મારું કાર્ય જ આપના પ્રશ્નોનો ઉત્તર છે. તેથી જલદીથી મને કયું કાર્ય કરવાનું છે - તે જણાવો.' આ પ્રમાણે કુમારનાં વચનોને સાંભળીને રાજાજી મનમાં વિચારે છે કે 'ખરેખર જ પોતાના કાર્યમાં તત્પર એવા આ કુમારની આગળ નિરર્થક વાતો કરીને કોઈ ફાયદો નથી.' આમ વિચારીને કુમારની સાથે રાજાજી પોતાની પુત્રીની પાસે આવ્યા અને તેની આંખોને દેખતી કરવાનું કાર્ય ફરમાવ્યું.

કન્યાને જોઈને કુમારે સુંદર આસન ઉપર બેસીને સુગન્ધી દ્રવ્યો મંગાવ્યાં. વિધિપૂર્વક માંડલું બનાવીને પુષ્પાદિથી તેની પૂજા કરીને ક્ષણવાર ધ્યાન ધરીને ધ્યાન પૂર્ણ થયે છતે પોતાની કેડે રાખેલી વેલડીના ટુકડાના રસને કન્યાની બંન્ને આંખમાં કુમારે પૂર્યો. તેથી કુમારના એ પ્રયોગથી બંન્ને આંખે કન્યા સ્પષ્ટ રીતે જોવા લાગી. રૂપ લાવણ્ય અને સૌંદર્યથી જેણે કામદેવને પણ જીત્યો છે એવા ભાગ્ય સૌભાગ્યથી શોભતા પુરુષને જોઈને; આનંદ ઉત્સુકતા અને લજ્જા વગેરેને ધારણ કરતી એવી તેણીએ આવી ઈચ્છા કુમારને જણાવી કે - 'આજ સુધી નેત્રોની અન્ધતા મારે હતી તેથી જેમ કોઈ પુરુષને જોવાનું થયું ન હતું. તેમ તમારા વિના બીજા કોઈ પણ પુરુષને જીવન પર્યન્ત જોવા માટે મારા નેત્રો અન્ધ જ રહે.' - આ પ્રમાણે કન્યાનું વચન સાંભળીને જેમનો મનોરથ પૂર્ણ થયો છે એવા રાજાજીએ કન્યાને આ પ્રમાણે કહ્યું કે 'પોતાના ગુણોથી જ આ મહાપુરુષે તને પ્રાપ્ત કરી લીધી છે. અને તેં પણ સ્પષ્ટ રીતે આ મહાપુરુષને આત્મસમર્પણ કર્યું છે. હું તો આમાં નિમિત્તમાત્ર છું. પોતાના સ્વામી-પતિ સાથે તું ચિરકાલ સુધી જીવ !' ત્યારપછી ઉત્તમ જ્યોતિષીએ ફરમાવેલ શુભ મુહૂર્તે **લલિતાઙ્ગકુમાર** અને રાજકન્યા **પુષ્પાવતી**નો વિવાહ મહોત્સવ કર્યો. કુમારને મનોહર પ્રાસાદ આપીને રાજાજીએ રાજ્યનો અડધો ભાગ આપ્યો. **પુષ્પાવતી** સાથે કાવ્યકથારસોથી અને ધર્મશાસ્ત્રોની વાતોથી સુખે કરીને કુમાર કાળ વીતાવે છે.

એકવાર કુમારે બારીમાંથી નગરને જોતાં નોકરોમાં અધમ એવા **સજ્જન**ને જોયો. એના આંખમાંથી અને મોઢામાંથી પાણી ગળતું હતું. માથા ઉપરના વાળ અસ્તવ્યસ્ત હતા. ક્ષુધાદિને લઈને પેટમાં ખાડો પડ્યો હતો. શરીરની નસો વાંકી ચૂંકી થઈ હતી. ભયંકર હાડપિંજર જેવું એનું રૂપ હતું. પાપના અતિરેકથી નરકમાં પણ જગ્યા ન મળવાથી નીકળેલા નારકી જેવો તેનો દેદાર હતો. વિરલ અને અત્યન્ત અલ્પ એવા વસ્ત્રને ધારણ કરીને ડગલે ને પગલે સ્ખલના પામતો હાથમાં માટીનું ઠીકરું લઈને ઘર ઘર ભીખ માંગતો તે ભટકતો હતો. સારી રીતે તેને ઓળખીને કુમાર મનમાં વિચારે છે કે 'ખેદની વાત છે; આ બિચારાની આવી કેવી દશા થઈ છે ? અને હું કેવો આવો છું ? દૈવને ધિક્કાર છે !' કરુણાથી પૂર્ણ એવા હૃદયવાળા કુમારે સેવકો દ્વારા **સજ્જન**ને પોતાની પાસે બોલાવ્યો. કુમારના હૃદયની વિશાલતાનું વર્ણન થાય એવું નથી. સજ્જને અપકાર કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. આમ છતાં તેની આવી દશા જોઈને કુમારનું હૃદય કરુણાથી પૂર્ણ બને છે. બીજાના દુઃખે દુઃખી થનારા હજુ મળી આવે. પણ અપકારીના દુઃખે આ રીતે દુઃખી થનારા કો'ક જ વિરલ હોય છે.

પોતાની પાસે **સજ્જન**ના આવ્યા પછી કુમારે તેને પૂછ્યું. 'તું મને ઓળખે છે ?' ત્યારે ભયથી ધ્રૂજતા શરીરે અને ચંચલ એવી આંખે તેણે કુમારને કહ્યું કે 'હે દેવ ! પૂર્વાચલ પર્વતના શિખરે બિરાજમાન સૂર્યને અને આકાશમાં ચઢી આવેલા ઉન્નત વાદળાને કોણ ના ઓળખે.' આ પ્રમાણે સાંભળીને કુમારે તેને કહ્યું કે 'આવી ચતુરાઈનું કાંઈ કામ નથી ! સાચું કહે કે તું મને ઓળખે છે કે નહિ ?' ત્યારે કુમારને તેણે કહ્યું કે 'દેવ ! તમને હું નથી જાણતો'. આથી **લલિતાંગ કુમારે** તેને કહ્યું કે 'અરે જેનાં નેત્રો ઉખેડીને તેં ઉપકાર કર્યો હતો તે મને તું કેમ જાણતો નથી સજ્જન ?' - આ પ્રમાણેના કુમારનાં વચનોને સાંભળીને તે અત્યન્ત લજ્જાને પામ્યો. તેના ભારથી જ જાણે પૃથ્વીમાં પેસી જવાની ઈચ્છાથી મોઢું નીચું કરીને તે ઊભો રહ્યો. ત્યારપછી તેના ખરાબ વેષને દૂર કરાવીને ખવરાવી પીવરાવીને અને સુંદરવસ્ત્રાદિ પહેરાવીને કુમાર આ પ્રમાણે બોલ્યા. ''એવા પુષ્કલ ધનના ઉપાર્જનથી શું ? કે જેના વડે પોતાના જનનો વિભાગ કરાયો ન હોય. આજે મારું રાજ્ય સફળ બન્યું છે. કે જેમાં દુઃખી મિત્ર એવો તું આવ્યો. તેથી મનમાં કોઈ પણ પ્રકારની શંકા કર્યા વિના નિશ્ચિંતપણે તું સુખને ભોગવ !''

આથી સમજી શકાશે કે કુમારના હૈયાની ઉદારતા અગાધ છે. અપકારીના અપરાધને જાણ્યા પછી પણ તેની ઉપર ઉપકાર કરવામાં કશું જ બાકી રાખ્યું નથી. દુઃખીની વિપત્તિ દૂર કરવામાં પોતાની સમ્પત્તિની સફળતાને કુમાર માને છે. કુમારની અપ્રતિમ ઉદારતાને અનુભવીને નામથી જ **સજ્જન** એવો તે આશ્ચર્ય સાથે મનમાં વિચારે છે કે 'ક્યાં એ કુમારની અરણ્યમાંની અવસ્થા અને આજે જે દેખાય છે એ અવસ્થા કયાં ? ચિત્તમાં પણ જેની વિચારણા-કલ્પના ન કરી હોય તે વસ્તુ દૈવથી બને છે. જે હોય તે, જવા દો ! વિચારવાનો કોઈ અર્થ નથી. સમયને ઉચિત કહું. - એમ મનમાં વિચારીને **સજ્જને** કુમારને કહ્યું કે - ''પાણી ગાળવા માટે મૂકેલું વસ્ત્ર જેમ પાણીને નીચે જવા દે છે અને મલને ઉપર રાખે છે તેમ દુષ્ટ પુરુષો બીજાના પાપને જણાવે છે અને ધર્મને છુપાવે છે. પણ સજ્જન પુરુષો મહાન સરોવરની જેમ બીજાના પાપને નીચે તળીએ રાખીને જણાવતા નથી અને ધર્મ સ્વરૂપ પાણીને દર્શાવે છે. હે દેવ ! મારો વૃત્તાન્ત સાંભળો. પેલા વટવૃક્ષની નીચે આપને છોડીને હું ચાલતો થયો. રસ્તામાં ચોરોએ મને મારી કૂટીને મારું બધું જ લૂંટી લીધું; અને મારા દુષ્ટકર્મોના ફળને ભોગવવા માટે મને જીવતો રાખ્યો. હે નાથ ! મારાં દુષ્ટ કર્મોનું ફળ મેં સાક્ષાત્ જોયું. અને આપે આપના સુકૃતનું ફળ સાક્ષાત્ જોયું. તેથી **રાજન્ !** ધર્મથી જ જય છે. મારા જેવાનું

મોઢું પણ જોવા જેવું નથી. પાપી એવા મને દૂર છોડી દો ! મારામાં કોઈ સુધારો થશે - એવી સંભાવના માટે પણ હું યોગ્ય નથી.'' - આ પ્રમાણે **સજ્જન**ના કથનને સાંભળીને તેને કુમાર જણાવે છે. -

**''હે મિત્ર !** આ પ્રમાણે હૃદયમાં તું વિકલ્પ ન કર ! તારી સહાયથી જ આ બધું બન્યું છે. તારી સહાય હોત નહિ તો મારે અહીં આવવાનું અને કન્યા તથા રાજ્ય મેળવવાનું કઈ રીતે શક્ય બનત ? મારા સત્ત્વસ્વરૂપ સુવર્ણની પરીક્ષા માટે કસોટીના પત્થર સમાન **હે મિત્ર !** મારા રાજ્યનું પ્રધાનપદ ગ્રહણ કરીને મને રાજ્યભારની ચિંતાથી મુક્ત કર !'' - આ પ્રમાણે કુમારની વાત સાંભળીને **સજ્જન** પોતાના સ્થાને ગયો.

**સજ્જન**ના વચનો સાંભળીને કુમારનું હૃદય કરુણાથી આર્દ્ર બન્યું. **સજ્જન**ની દુષ્ટતાનો પરિચય થવા છતાં તેની માયાભરી વાતને કુમાર સાચી માની લે છે. દુષ્ટ માણસો પણ સામા માણસને ખૂબ જ સારી રીતે પોતાની તરફ ખેંચી લેતાં હોય છે. - એમાં એમની હોંશિયારી કામ કરતી નથી, પણ સામા માણસની સ્વાભાવિક સરલતા જ કામ કરતી હોય છે. કુમારની એવી સ્વાભાવિક સરલતા અને ભયંકર અપરાધી પ્રત્યેની અત્યન્ત કરુણા આપણે જોઈ શકીએ છીએ. પોતાના આવા સ્વભાવને લઈને **સજ્જન**ની દુષ્ટતાનો વિચાર સરખો ય કુમારના મનમાં આવતો નથી.

**સજ્જન**ના સ્વસ્થાને ગયા બાદ રાજપુત્રી **પુષ્પાવતી**એ પોતાના સ્વામી કુમારને કહ્યું કે - **''હે દેવ !** પુરુષને ઉપદેશ આપવાનું કુલીન સ્ત્રીઓ માટે ઉચિત નથી. પરન્તુ આપની મારી ઉપર અત્યન્ત કૃપા છે માટે હું કહું છું. પ્રાણનાથ ! પૂર્વના સ્નેહને લઈને અવથા તો દુઃખી જનોના દુઃખ દૂર કરવાના સ્વભાવને લઈને **સજ્જન** આપના હૃદયમાં છે તેથી તેને દેશ કે પૈસા આપો ! પરન્તુ આવા નીચ-અધમ માણસની સાથે સંગત-સોબત કરવાનું યોગ્ય નથી. ગમે તેટલું લાલન પાલન કરો, સારું સારું ખવરાવો પીવરાવો તો પણ સર્પની જેમ દુર્જન માણસો વિકૃતિ પામ્યા વિના રહેતા નથી. તેજસ્વી અને પૂજ્ય એવો પણ અગ્નિ લોઢાની સંગતિના કારણે ટીપાય છે. મુખમાં સમતા હોય છે અને પાછળથી ઉત્કટ વિષને જેઓ ધારણ કરે છે; આવા ક્ષુદ્ર દુષ્ટોનો વિંછીની જેમ ત્યાગ કરવો જોઈએ. દુર્જનની મૈત્રી દીપકની જ્વાલા જેવી છે. એમાં ઘી તેલ નાંખવાથી ઘી તેલનો નાશ થાય છે. દોરી મૂકવાથી બાળી નાંખે છે. અને નિર્મલ જગ્યાને મલિન કરે છે. નીતિશાસ્ત્રમાં પણ જણાવ્યું છે કે; સરોવરમાં ડૂબતા એવા કાગડાને બચાવનારા હંસે તેની સાથે મૈત્રી કરી તો હંસને મરવાનું થયું.''

બન્યું એવું કે એક કાગડો સરોવરમાં પડી ગયેલો. એને મુસીબતે એક હંસે સરોવરમાંથી બહાર કાઢ્યો. એના કારણે બંન્નેને મૈત્રી થઈ. મિત્ર કાગડાના આગ્રહથી એકવાર કાગડાના નિવાસે તેની સાથે હંસ એકવૃક્ષ ઉપર રહ્યો. તે વખતે ગમે તે કારણે એક રાજા ભૂલો પડવાથી થોડીવાર વિશ્રામ લેવા એ વૃક્ષ નીચે રહ્યો. ત્યારે તેની ઉપર ચરકીને કાગડો ઊડી ગયો. રાજાએ ઉપર જોયું. ત્યાં હંસ દેખાયો. તેણે વિષ્ટા કરી એમ માનીને રાજાએ તેને બાણથી વીંધી નાખ્યો. નીચે પડીને હંસે પોતાના પ્રાણ જતા હોવાં છતાં રાજાને જણાવ્યું -

**नाहं काको महाराज ! हंसोऽहं विमले जले ।**
**नीचसङ्गप्रसङ्गेन मृत्युरेव न संशयः ।।**

'હે રાજન્ ! હું કાગડો નથી. નિર્મલ એવા પાણીમાં રહેનાર હંસ છું. પરન્તુ નીચ એવા કાગડાનો સંગ કરવાના કારણે મૃત્યુ પામું છું. - એમાં કોઈ સંદેહ નથી.' - આ પ્રમાણે હંસના કહેવાથી દયાલુ બનેલા રાજાએ ત્યારપછી દુષ્ટ જનની સાથેની મૈત્રી છોડી દીધી. તેથી 'હે પ્રિય ! આ સજ્જનને સ્નેહ આપવાથી અને તેની ઉપર ઉપકાર કરવાથી કોઈ લાભ નથી. તેની સાથે મૈત્રી ના કરો. જે બહારથી શંખ જેવો ઉજ્જવલ છે અને અંદરથી કુટિલ છે - એવા સજ્જનનું શું કામ છે ?' આ મારું સ્ત્રીનું વચન છે - એમ ધારીને તેની ઉપેક્ષા ના કરશો. દુર્ગા (પક્ષિવિશેષ)ના ડાબી તરફના શબ્દને સાંભળીને માર્ગે જનારા તેનો શું આદર કરતા નથી ? - આ પ્રમાણે પોતાની પત્ની રાજકન્યા-**પુષ્પાવતી**ના વચનો સાંભળીને કુમારના હૃદયમાં આશ્ચર્ય પેદા થયું. પરન્તુ આ વાત પરમાર્થથી સાચી છે. તેથી **સજ્જન**ની સાથે મૈત્રી ના કરવી - આવું મનમાં ન થયું. ખરેખર જ દૈવને લઈને મોટા માણસો પણ નીચની સંગતિ નિવારી શકતા નથી.

આ રીતે પોતાની પ્રવૃત્તિમાં લીન બનેલા આ લોકોનો કેટલોક કાલ પસાર થયો. ત્યારે **જિતશત્રુ રાજા**એ એકવાર ખાનગીમાં **સજ્જન**ને પૂછ્યું, ! 'કુમારને તારી સાથે એવો કેવો સંબન્ધ છે કે જેથી તને કુમાર આટલો બધો આદર આપી રહ્યા છે ?' આ

મુજબ રાજાજીના પૂછવાથી દુષ્ટ સ્વભાવના દોષને લઈને **સજ્જન** મનમાં વિચારે છે કે ભવિષ્યમાં કુમાર મારી પહેલાની વાત કરીને મને અનર્થ કરનારા બને. એ પૂર્વે જ કુમારને મારી નંખાવું. - આમ વિચારીને **સજ્જન** માયા કરીને **રાજાજી**ને કહે છે કે **'રાજન્ !** આપે ઠીક પૂછ્યું ! પરન્તુ આ ફરીથી ના પૂછશો.' આ તેના કહેવાથી તેની પ્રત્યે વિશેષ આદર વાળા બનીને **રાજાજી**એ સોગન આપીને કુમારની સાથે કેવો સંબંધ છે - એ પૂછ્યું. દુષ્ટ જનોને ઓળખવાનું ઘણું અઘરું છે. ભલભલાને છક્કડ ખવડાવી દે એવી એમની માયા હોય છે. ઘણીવાર સમર્થ એવા પણ લોકો તેમની વાતમાં આવી જતા હોય છે. ત્યારે તેનો સહેજ પણ ખ્યાલ આવતો નથી. જ્યારે એ માયાનો ખ્યાલ આવે છે. ત્યારે ઘણું જ મોડું થયું હોય છે.

રાજાજીએ પૂછ્યું એટલે **સજ્જન** કહે છે કે 'ભારે સંકટ છે. કુમારની આજ્ઞા છે કે કહેવાનું નહિ. અને આપ પૂજ્યની આજ્ઞા છે કે કહેવાનું, તેથી આપને હું તે કહું છું; માટે હે દેવ ! સાંભળો. શ્રીવાસ નગરના સ્વામી **નરવાહન** રાજાનો હું પુત્ર છું. અને આ કુમાર વણકરનો પુત્ર છે. જન્મથી જ સુંદર રૂપવાન છે. ગમે તે રીતે વિદ્યાને તેણે પ્રાપ્ત કરેલી છે. પરન્તુ પોતાની નીચ જાતિથી લજ્જિત થવાથી ઘર છોડીને ફરતા ફરતા અહીં તે આવ્યો છે. ત્યારપછી જે બન્યું છે તે આપ જાણો છો . મારા પિતાથી પરાભવ પામવાના કારણે હું ફરતો ફરતો અહીં આવ્યો. મને જોતાંની સાથે ઓળખીને તુરત જ મને કુમારે બોલાવ્યો અને હું તેને ઉઘાડો ના પાડું એ આશયથી તે મને આ રીતે આદરમાન આપે છે. અને સાથે મને કોઈને ન કહેવાની વિશેષ રીતે તેણે આજ્ઞા આપી છે.'

આ રીતે કાનમાં રેડેલા વિષથી ખૂબ જ વ્યાકૂલ બનેલા **રાજાજી** વિચારે છે કે 'શરતથી બંધાએલી કન્યા **પુષ્પાવતી**ને કુમાર ભલે ગ્રહણ કરે. પરન્તુ મારા નિર્મલ એવા રાજ્યને તેણે મલીન કર્યું; તે કઈ રીતે સહન થાય ? તેથી આનો ચોક્કસ જ હું નિગ્રહ કરીશ.' આમ નિશ્ચય કરીને પોતાના સેવકોને ખાનગીમાં **રાજાજી**એ બોલાવ્યા. અને આજ્ઞાંકિત એવા સેવકોને આજ્ઞા કરી કે આ કુમારને રાત્રિમાં એકલો આવે ત્યારે કોઈ પણ જાતનો વિચાર કર્યા વિના મારી નાંખવો. આવી **રાજાજી**ની આજ્ઞાનો સ્વીકાર કરી એ સેવકો એ પ્રમાણે કરવા માટે તત્પર બન્યા. એ દિવસને વર્ષની જેમ વીતાવીને બીજે જ દિવસે **રાજાજી**એ એક માણસને બરાબર શીખવીને રાત્રે કુમારને બોલાવવા માટે કુમારની પાસે મોકલ્યો. તેણે કુમારની પાસે જઈને કુમારને કહ્યું કે **'હે દેવ !** આપને **રાજાજી** યાદ કરે છે. જરૂરી કાર્ય હોવાથી વચલા માર્ગે જ આપ આવવાનું રાખશો.' આ પ્રમાણે **રાજાજી**ના સંદેશાને સાંભળીને તુરત જ પલંગમાંથી ઊભા થઈને તલવારને ગ્રહણ કરીને કુમાર ચાલવા લાગ્યા.

ત્યાં જ કુમારના વસ્ત્રનો છેડો પકડીને કુમારની પ્રિયાએ કુમારને કહ્યું. **''હે દેવ !** આપ ખરેખર જ મુગ્ધ સ્વભાવવાળા છો. **સ્વામિન્ !** રાજનીતિને આપ જોતા નથી. જેથી આવી રાત્રિએ કશું વિચાર્યા વિના ચાલી નીકળ્યા.'' આ પ્રમાણેના પ્રિયાના વચનો સાંભળીને કુમારે કહ્યું. ''પ્રિયે ! કુલીનોનું જીવન જ આ છે કે વિકલ્પ વિના આજ્ઞાને જાણીને એ મુજબ કરાય છે. વિકલ્પથી આજ્ઞા મુજબ કરવામાં ભક્તિના નામે વિડંબના જ પ્રાપ્ત થાય છે.'' આ પ્રમાણે કુમારવડે કહેવાએ છતે કુમારી કહે છે કે **'પ્રિય !** સાચી વાત છે. પરન્તુ કોઈવાર વિકલ્પ પણ ઉચિત હોય છે. જૈનદર્શનની જેમ એકાન્તપક્ષથી સિદ્ધિ નથી થતી. અનેકાન્ત પક્ષથી જ સિદ્ધિ થતી હોય છે. ધનુષ્ય અને તેની દોરી વાસ્તવિક રીતે ભલે સીધી હોય, પણ કાર્ય પ્રસંગે તેને વાંકા કરવા પડે છે. ચિત્તમાં જુદું, વાણીમાં જુદું અને કરવાનું જુદું - આમ રાજધર્મ વેશ્યા જેવો અનેક પ્રકારનો છે. તેથી અહીં કોઈનો પણ વિશ્વાસ કરવો નહિ. નીતિશાસ્ત્રનું એ વાક્ય આપે નથી સાંભળ્યું ? કે રાજા કોઈનો પણ મિત્ર થતો નથી. તેથી હે પ્રિય ! દરેક કાર્યમાં આપ જેને મુખ્ય માનો છો; એ સજ્જનને રાજાની પાસે પહેલા મોકલો અને શું કામ છે તે જાણીને પછી જ રાજાની પાસે આપ જાઓ.'' - આ પ્રમાણે પ્રિયાના વચનો સાંભળીને હૃદયમાં સન્તુષ્ટ થયેલા કુમારે વિચાર્યું. માણસને કુલીન એવી પત્નીની પ્રાપ્તિ થવાથી અવસરે તે ગુરુ, લક્ષ્મી, શાસ્ત્ર, મિત્ર, બુદ્ધિ અને સહાયકની ગરજ સારે છે. ખરેખર જ બુદ્ધિની આની પરિપક્વતા આશ્ચર્ય ઉપજાવે તેવી છે. સરસ્વતી દેવીએ આ સ્ત્રી હોવાથી ચોક્કસ લાગે છે કે આનો પક્ષ લીધો છે. અન્યથા આવી બુદ્ધિની પરિપક્વતા આનામાં કઈ રીતે સંભવે ?

આ મુજબ વિચારીને **રાજાજી**ની પાસે **સજ્જન**ને કુમારે મોકલ્યો. મહેલના અંદરના રસ્તે **રાજાજી**ની પાસે **સજ્જન** જતો હતો ત્યારે રસ્તામાં જ **રાજાજી**એ રોકેલા મારાઓએ તીક્ષ્ણ શસ્ત્રોના પ્રહારથી તેને મારી નાખ્યો. આ લોકમાં નીચે પડવાથી અને પરલોકમાં દુર્ગતિમાં જવાથી; બંન્ને રીતે **સજ્જન**નું પતન થયું. તેથી 'બીજા માટે ચિંતવેલું પોતાને પ્રાપ્ત થાય છે.' - આ વચન સાચું ઠર્યું. આ વખતે થયેલા કોલાહલથી **સજ્જન**ના થયેલા વધને જાણીને રાજકુમારી શોક અને હર્ષને પામીને આ પ્રમાણે બોલી. **''હા નાથ !** સરલ નિર્મલ સ્વભાવને લઈને મારી વાતને માની ન હોત તો મારી કેવી દશા થાત ? **સ્વામિન્** હજુ

પણ પ્રમાદને છોડી દઈને જલ્દીથી સૈન્ય સાથે સજ્જ થઈને નગરની બહાર યુદ્ધ માટે તૈયારી કરો!'' - આ પ્રમાણેના પ્રિયાના વચન સાંભળીને તે મુજબ કુમારે યુદ્ધ માટેની તૈયારી કરી લીધી. **રાજાજી**એ પણ પોતાની ધારણા મુજબ કામ ન થવાથી અત્યન્ત ગુસ્સે થઈને યુદ્ધ માટેની તૈયારી કરી. તેથી બંન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું.

આવા ભયંકર યુદ્ધને જોઈને વિચક્ષણ મંત્રીઓએ યુદ્ધના નિવારણ માટે બંન્ને સેનાને દૂર કરી રાજાને પ્રણામ કરીને જણાવ્યું કે - **રાજન્ ! સજ્જન**ના વચન ઉપર વિશ્વાસ મૂકીને અવિચારી કૃત્ય કરવાનું ઉચિત નથી. હજી પણ પોતાના જાતિ અને કુલાદિની વિગત કુમાર પાસેથી જાણી લેવી જોઈએ. એ અંગે ચોક્કસ જાણ્યા વિના યુદ્ધ કરવાનું કોઈ પણ રીતે ઉચિત નથી..... ઈત્યાદિ વચનો દ્વારા શાન્ત થયેલા **રાજાજી**એ મંત્રીશ્વરોને કુમાર પાસેથી વિગત જાણી લેવાની આજ્ઞા કરી. તેથી મંત્રીઓએ કુમારને તેના જાતિકુલાદિ અંગે પુછ્યું. કુમારે પણ તે વિગત યથાર્થ રીતે તેમને જણાવી. ત્યારપછી **શ્રીવાસનગરના નરવાહન રાજા**ની પાસે પોતાના વિશ્વાસુ જનોને મોકલીને કુમારે જણાવેલી વિગતની **રાજાજી**એ ખાત્રી કરાવી. પોતાના તે વિશ્વાસુ જનોએ રાજાજીને સાચી હકીકત જણાવી અને નરવાહન રાજાએ જણાવેલ સંદેશો જણાવ્યો કે મારા પુત્ર **લલિતાંગ કુમાર**ને ખૂબ જ આદર પૂર્વક અમારે ત્યાં મોકલાવો.

આ બધું જોઈને પોતાના અજ્ઞાનદોષથી દુઃખી બનેલા **શ્રી જિતશત્રુ રાજા** હૃદયમાં વિચારે છે કે 'આ મહામોહના વિલાસને ધિક્કાર છે. જેને લઈને દુષ્કીર્તિ અને પાપવડે અનુક્રમે આ લોક અને પરલોક બંન્નેનો નાશ થાય છે. આથી હવે આ આન્તર શત્રુ મોહને જ હું જીતી લઉં.' - આ પ્રમાણે મનમાં વિચારીને પોતાની દીકરીને ખોળામાં બેસાડીને આંખમાં આંસુઓ સાથે ગદ્ગદ્ વચને રાજાજીએ તેણીને કહ્યું. ''પ્રાણથી પણ અધિક એવી તારી વિશે તારા વિધવાપણાના દુઃખને મેં ચિન્તવ્યું તે આ તારા દુષ્ટપિતાના અપરાધને તું માફ કર ! તારા તેજના કારણે મુખ બતાવવાં હું લાયક બન્યો. માટે કુલની દીપિકા સ્વરૂપ તું તારી ઈચ્છા મુજબ પતિ સાથે લાંબા કાલ સુધી સુખે જીવ !'' - આ પ્રમાણે પિતાજીના વાત્સલ્ય પૂર્ણ વચનોને સાંભળીને આનંદ પામેલી કુમારીએ પિતાજીને પ્રણામ કર્યો. ત્યારપછી **જિતશત્રુ રાજા**એ કુમારને બોલાવ્યો. **રાજાજી**ને પ્રણામ કરવા માટે નીચે નમેલા કુમારને પોતાની ભુજાઓ વડે ઊભા કરીને શરમાઈને કુમારને **રાજાજી**એ કહ્યું કે **''કુમાર !** દુર્જનના વચનોથી રેડેલા વિષને લઈને વિહ્વલ બનવાના કારણે પુત્ર જેવા પણ તમારી પ્રત્યે કરેલા દુષ્ટ કાર્યના પ્રતિકાર માટે તમારા સુકૃતની સ્ફૂર્તિ જ પરમ ઔષધિ છે. પાપી એવા તે અધમે તમારા ચિત્તમાં અને મારા મનમાં જે માલિન્ય કરેલું તેનું ફલ તો તેને મળી જ ગયું છે. જેનું નામ પણ લેવા જેવું નથી એવા તે અધમ નોકરના ચરિત્રનો વિચાર કરીને હવે ફરીથી દુષ્ટ લોકોનો સંગ કરશો નહિ. બીજું આપના ગુણોથી મારા રાજ્યનો અડધો ભાગ તો આપે પ્રાપ્ત કરી જ લીધો છે. બાકીનો અડધો ભાગ મારા દુષ્કૃત્યના પ્રાયશ્ચિતરૂપે હું આજે આપું છું.'' આ પ્રમાણે કહીને પોતાના સિંહાસન ઉપર કુમારની ઈચ્છા વિના પણ પરાણે કુમારને બિરાજમાન કર્યા. અને વિધિ પૂર્વક મન્ત્રથી પવિત્ર થયેલા જલવડે અભિષેક કરીને **શ્રી જિતશત્રુ રાજા** તપ તપવાં તપોવનમાં ગયા.

ત્યારપછી **શ્રી લલિતાંગ કુમાર** પ્રધાનમંત્રીઓને રાજ્યની વ્યવસ્થા ભળાવીને અને નગરજનોની અનુમતિ મેળવીને પોતાના પરિવાર સાથે **શ્રીવાસનગરે** પોતાના પિતાશ્રી પાસે પહોંચી ગયા. અશ્રુપૂર્ણ નયને અને પરમવિનયપૂર્ણ વચને પિતાજીના ચરણે વંદન કરી કુમારે જણાવ્યું કે શાસ્ત્રમાં જણાવ્યું છે કે પુત્રો કુલદીપકો હોય છે. પરન્તુ કુપુત્ર એવા મારા વડે આપશ્રીને ઘણું દુઃખ અપાયું છે..... ઈત્યાદિ કુમારના વચનો સાંભળીને અને ચંપાનું રાજ્ય સ્વીકારી લેવાની કુમારની વિનંતીને પણ સાંભળીને **નરવાહન રાજા**એ કુમારને કહ્યું કે **'વત્સ !** તું આ પ્રમાણે ના બોલ. સુવર્ણમાં કાળાશ ઉત્પન્ન થાય તો તારામાં ગુરુજનો પ્રત્યેનું અબહુમાન પ્રગટે. **વત્સ !** તારા વિયોગે મારી જે અવસ્થા થઈ છે, તેવી અવસ્થા મારા શત્રુને પણ ન થાઓ. તને દેશાન્તર જવાથી મોટા રાજ્યની પ્રાપ્તિ થઈ અને મારી દુર્દશા થઈ. જવા દે આ બધું. બધું જ આપણા હિત માટે થયું. અન્યથા આવું પુત્રનું માહાત્મ્ય મને કઈ રીતે જોવાં મળત ? **લલિતાંગ !** હજુ પણ મારું ભાગ્ય જાગે છે. જેથી મેઘ વગરની વૃષ્ટિની જેમ તારું દર્શન થયું.'

'તેથી હવે આ રાજ્ય અને આ પરિવાર, બધાને તું સ્વીકારી લે. આ માટે તારા વિના બીજો કોઈ યોગ્ય નથી. તારી ઉપર આ બધા ભારને મુકીને સર્વથા નિશ્ચિંત બનેલો હું હવે સદ્ગુરુ પાસે ચારિત્ર ગ્રહણ કરીશ.' આ પ્રમાણેના વચનોને સાંભળીને કુમારે દીનતા સાથે પિતાજીને કહ્યું કે - 'હે દેવ ! મેં એવું તો કેવું દુષ્કૃત્ય કર્યું છે ? આટલા દિવસો તો મારા નિષ્ફલ ગયા. માંડ માંડ આજે આપશ્રીના મને દર્શન થયા. ત્યાંજ આપશ્રી મને દૂર કરો છો. પિતાજી ! એ રાજ્યનું અને જીવનનું શું કામ છે ? જ્યાં દિવસ ઉગે આપના ચરણ કમલના દર્શન ન થાય ? પિતાની આગળ બેસવાથી જે શોભા થાય છે તે રાજ્યના સિંહાસને બેસવાથી થતી નથી.....' ઈત્યાદિ વચનોને સાંભળીને **શ્રી નરવાહન રાજા**એ ધીરતાપૂર્વક કુમારને કહ્યું કે **વત્સ !** આ રીતે તું મને

રોક નહિ. તને રાજ્ય અને મને દીક્ષા ક્રમે કરીને પ્રાપ્ત છે. આ પ્રમાણે કહીને કુમારનો રાજ્યાભિષેક કરીને કુમારને હિતશિક્ષારૂપે જણાવ્યું કે - 'એવી રીતે રાજ્યનું પાલન કરજે કે જેથી મને પ્રજાજનો યાદ ન કરે.' ત્યારપછી મન્ત્રીઓ અને પ્રજાજનોને ઉચિત એવી હિતશિક્ષા આપીને શ્રી નરવાહન રાજાએ દીક્ષા ગ્રહણ કરી.

આ રીતે મહાવ્રતોને ધારણ કરીને શાન્ત દાન્ત એવા **શ્રી નરવાહન રાજર્ષિ** વિશુદ્ધ ચારિત્રની આરાધનામાં તત્પર બન્યા. થોડા જ સમયમાં આગમના અભ્યાસથી પરમાર્થના જ્ઞાતા બન્યા. ભવનિસ્તારક પોતાના ગુરુદેવશ્રીએ ગુણોથી શ્રેષ્ઠ એવા તેઓશ્રીને ગુરુપદે બિરાજમાન કર્યા. ક્રમે કરીને વિહાર કરતા તેઓશ્રી **શ્રીવાસનગર**ના ઉદ્યાનમાં પધાર્યા. ઉદ્યાનપાલકના મુખેથી **શ્રી નરવાહન રાજર્ષિ**ના આગમનને જાણીને **શ્રી લલિતાંગ રાજા રાજર્ષિ**ને વંદન કરવા ઉદ્યાનમાં ગયા. વિધિપૂર્વક વંદનાદિ કરીને **નરવાહન રાજર્ષિ** પાસે દેશનાને સાંભળી. દેશનાના અન્તે શ્રી સમ્યક્ત્વપૂર્વક દેશવિરતિને ગ્રહણ કરી. અને વિધિપૂર્વક તેનું આરાધન કરીને જન્મને સફળ કર્યો.

ધર્મથી જ જય થાય છે - આ વચનનના અનુસંધાનમાં વર્ણવેલા આ કથાના પ્રસંગનો શાન્ત ચિત્તે વિચાર કરવાથી સમજાશે કે શ્રી વીતરાગ પરમાત્માના વચન પ્રત્યેની શ્રદ્ધા મેળવવાનું અને ટકાવવાનું કેટલું કપરું છે. જીવનમાં શ્રદ્ધાને વિચલિત કરનારા નિમિત્તો ક્ષણે ક્ષણે પ્રાપ્ત થતા હોય છે. દુઃખોના ઢગલા વચ્ચે રહીને એ શ્રદ્ધાને જાળવવાં ખૂબ જ પ્રબલ સત્ત્વ જોઈએ છે. કુમારે આ સત્ત્વ અવસરે અવસરે સ્પષ્ટ રીતે દેખાડ્યું છે. પરમ ઔદાર્ય, સુદાક્ષિણ્ય, અનુપમ વિનય વિવેકપૂર્ણ વાણી, માર્ગાનુસારી ચિન્તન અને અપકારી પ્રત્યે પણ હિતકારિણી બુદ્ધિ...... ઈત્યાદિ ગુણોથી પૂર્ણ કુમારનું જીવન આપણને અનુભવવાં મળે છે. એના આલંબને એવા જીવનને પામવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા.....

આ રીતે લલિતાંગકુમાર અને સજ્જનનું કથાનક પૂર્ણ કરીને 'શ્રી પાર્શ્વનાથ ચરિત્ર' અંગેના પછીના પ્રવચનો ઉપલબ્ધ ન થવાથી આ વિષય અત્રે સમાપ્ત કરવામાં આવે છે.

---

# The Gazette of India
# ('ભારતનું રાજપત્ર')
## બાબતમાં
## મહત્ત્વનો ખુલાસો

'શ્રી પ્રભાવક જિનવાણી'ના વિક્રમ સંવત ૨૦૬૫ના ભાદરવા સુદ-૧૦, તા. ૩૦-૦૮-૨૦૦૯ના (વર્ષ-૧૦, અંક-૧) અંકમાં પાનાં નંબર ૨૨-૨૩ ઉપર 'ભારતનું રાજપત્ર' (The Gazette of India)ના શીર્ષક સાથે એક સમાચાર છાપવામાં આવ્યા હતા. આ સમાચારમાં ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી પ્રગટ થયા હોવાનું કહેવાતા તારીખ ૧૩ જુલાઈ, ૨૦૦૯ના તથાકથિત ગેઝેટની નકલ પણ છાપવામાં આવી હતી. આ તથાકથિત ગેઝેટમાં ઈ.સ. ૨૦૦૬ના જુવેનાઈલ જસ્ટિસ એક્ટની કલમ-૬૮માં જૈન ધર્મની બાળદીક્ષા બાબતમાં કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી બહાર પાડવામાં આવેલા તથાકથિત સ્પષ્ટીકરણની વિગતો આપવામાં આવી હતી.

હવે જાણવા મુજબ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી ઉપર મુજબનું કોઈ ગેઝેટ બહાર પાડવામાં આવ્યું નથી. 'શ્રી પ્રભાવક જિનવાણી'ને ગેઝેટની નકલ કોઈએ મોકલી હતી અને અમે તેને સાચી માનીને પ્રકાશિત કરી હતી. હવે આ ગેઝેટ બહાર પડેલ નથી એ જાણતાં અમે ઉપરોક્ત સમાચાર પાછા ખેંચીએ છીએ અને તેને રદ્દ કરીએ છીએ. આ સમાચાર દ્વારા વાચકોના મનમાં કોઈ ગેરસમજણ થઈ હોય તો અમે તેનું 'મિચ્છા મિ દુક્કડમ્' વ્યક્ત કરીએ છીએ.

*- તંત્રી*

# શ્રી સંઘનું સ્વરૂપ:

- જેમ જેમ સ્વાધ્યાય વધે તેમ તેમ આત્મસ્વરૂપનું ભાન થાય. જેમ જેમ એ ભાન થાય તેમ તેમ મૂળગુણો અને ઉત્તરગુણો પ્રત્યેનો પ્રેમ વધે.
- દુનિયામાં જે વસ્તુ ન હોય એનું નામ જ ન હોય. જે ન હોય એનું નામ બને ક્યાંથી ?
- વૈજ્ઞાનિકો તો પોતે જુએ છે એટલું જાહેર કરે છે, પણ 'આટલું જ છે' એમ કહેતા નથી અને બીજાઓ બતાવે તો ઈનકાર કરતા નથી.
- શ્રી સંઘરૂપ નગર તે કે જે ધર્મીમાત્રને આશ્રય આપે. ધર્મીને આશ્રય ન આપે તે શ્રી સંઘ નથી.
- સંસાર અસાર છે, જગતના પદાર્થો અનિત્ય છે, પોતાના નથી, એ નક્કી થાય પછી કયું હૃદય પાપવાસનાથી ન સંકોચાય ? તાકાત હોય તો અસાર પદાર્થમાંથી સાર લ્યો, પણ તમારો સાર એમાં ફસી જઈને ખર્ચી ન નાખો.

## (૨૨)

### મેરુ પર્વત આખા લોકનું કેન્દ્રસ્થાન છે.

સૂત્રકાર મહર્ષિ **શ્રી દેવવાચક ક્ષમાશ્રમણજીએ** શ્રી સંઘની સમુદ્રની ઉપમાથી સ્તવના કરી, તે આપણે જોઈ ગયા. સમુદ્રમાં જેમ વેલાઓ અને મગરમત્સ્યાદિ જળજંતુઓ હોય છે, તેમ શ્રી સંઘરૂપ સાગરમાં પણ મૂળ તથા ઉત્તરગુણો પ્રત્યે પ્રતિદિન વધતી પરિણામની ધારા રૂપી વેલાઓ છે, અને પાંચે પ્રકારના સ્વાધ્યાય રૂપી મગરો વિદ્યમાન છે. જેમ જેમ સ્વાધ્યાય વધે, તેમ તેમ આત્મસ્વરૂપનું ભાન થાય : જેમ જેમ એ ભાન થાય, તેમ તેમ મૂળગુણો તથા ઉત્તરગુણો પ્રત્યેનો પ્રેમ વધે. જેમ સાગર અક્ષુબ્ધ હોય. તેમ ગમે તેવા ઉપસર્ગો કે પરિષહોના પ્રસંગે પણ શ્રી સંઘરૂપ સાગર અક્ષુબ્ધ હોય છે. જેમ સાગરનો મધ્યભાગ એકદમ અક્ષુબ્ધ, સ્થિર અને શાંત હોય છે, તેમ શ્રી સંઘરૂપ સાગર પણ એકદમ અક્ષુબ્ધ, સ્થિર અને શાંત હોય છે. જેમ સાગર વિસ્તારવાળો હોય છે, તેમ શ્રી સંઘરૂપ સાગર પણ વિસ્તારવાળો હોય છે, સાગરને રત્નાકર કહેવાય છે અને હોય છે પણ તેમ જ. સાગરમાં અનેક પ્રકારનાં રત્નો હોય છે, તેમ આ શ્રી સંઘરૂપ સાગરમાં અનેક ગુણોરૂપી રત્નો હોય છે. તે ગુણરત્નોની પ્રાપ્તિ યોગ્ય રીતે વિધિ મુજબ શ્રી સંઘરૂપ સાગરના સેવકને જ થાય. આવા અનેક ગુણરત્નમય શ્રી સંઘરૂપ સાગરની જય કોણ ન ઈચ્છે ? એકે એક પુણ્યશાળી આત્મા આવા શ્રી સંઘરૂપ સાગરનું ત્રિવિધે ભદ્ર ઈચ્છે.

સૂત્રકાર મહર્ષિએ પણ એ જ ક્હ્યું કે - આવા શ્રી સંઘરૂપ સાગરનું સદા ભદ્ર હો! અને આપણે પણ એ જ કહીએ છીએ: કારણ કે - આવા શ્રી સંઘરૂપ સાગરની સેવામાં જ આપણે આપણું કલ્યાણ માનીએ છીએ. સૂત્રકાર મહર્ષિ શ્રી સંઘને નગર આદિ સાત ઉપમાઓથી સ્તવ્યા પછી હવે શ્રી મેરુપર્વતની ઉપમાથી સ્તવના કરવાના છે.

શ્રી જિનેશ્વરદેવોના જન્માભિષેક શ્રી મેરૂપર્વત ઉપર થાય છે. આ મેરુ પર્વત શ્રી જંબૂદ્વીપના મધ્ય ભાગમાં આવેલો છે અને તે એક લાખ યોજનનો છે. સહુથી મોટો તથા દેખાવે સુંદર છે, દેવોનું ક્રીડાસ્થાન છે, તથા આખા લોકના મધ્યભાગમાં અને આખા લોકની શોભારૂપ એ છે. તેમ શ્રી સંઘ પણ આખી દુનિયામાં શોભારૂપ છે. આખા લોકમાં મેરુની જોડી નહિ મળે. બીજા ક્ષેત્રોમાં મેરુઓ તો છે, પણ તે નાના છે: માટે જૈનદર્શનમાં તે ક્ષુદ્ર મેરુ તરીકે ઓળખાય છે. મહામેરુ તો આ એક જ. લોક પણ અન્ય જગત માને છે તેટલો નહિ, પણ અસંખ્યાત દ્વીપ અને સાગર પ્રમાણ છે અને તેથી બરાબર મધ્યમાં આવેલો શ્રી મેરુપર્વત, એ આખા લોકનો મર્યાદાભૂત છે. દિશાઓની ગણના પણ મેરુથી થાય છે. ચંદ્ર સૂર્ય પણ તેની જ આજુબાજુ ગતિ કરે છે. બધાં જ ક્ષેત્રો એની ચોમેર છે. કેન્દ્રભૂત એ છે. આખા લોકની મર્યાદા બાંધનાર એ, દિશા બતાવનાર એ, મધ્ય કેન્દ્ર એ અને શોભાસ્થાન પણ એ. એ અતિશય રમણીય છે અને અપ્રકંપ તથા શાશ્વત છે. હરેક કાલમાં તે એક જ સરખો રહેનાર છે. કાળની અસર એના ઉપર થઈ શકતી નથી. અણુ ન ખરે. તેવા જ પ્રમાણવાળો, એ તો કાયમ રહે.

## એક શબ્દવાચી પદાર્થો હોય જ.

*સભાο મેરુ વિગેરેને પણ આજના શ્રદ્ધારહિત આત્માઓ કલ્પિત માને છે !*

જે માણસો બધાને જ કલ્પના માને તેને ન પહોંચાય. જે દુનિયાના સ્વરૂપને ન માને, તેને ન સમજાવાય. એક શબ્દના નામવાળા પદાર્થો સત્ય જ હોય. એક નામના પદાર્થો જગતમાં હયાતિ ભોગવતા જ હોય. બે શબ્દોની જોડીથી બનેલો પદાર્થ કદી ખોટો પણ હોય. એ પદાર્થ હોય પણ, અગર ન પણ હોય: પણ એક શબ્દથી કહેવાતા પદાર્થો તો છે જ, સાચા જ છે. એ શાશ્વત નિયમ છે કે - એક શબ્દથી કહેવાતા પદાર્થો તો દુનિયામાં હોય જ.

'આકાશ-કુસુમ' એ બે શબ્દથી બનેલો પદાર્થ છે અને નથી એ વાત પણ સાચી છે, કારણ કે-આકાશકુસુમ જેવી કોઈ વસ્તુ જ નથી, પણ એ ભેગા થયેલ શબ્દોથી કહેવાતી બંન્ને વસ્તુ મોજૂદ છે, કારણ કે-'આકાશ' પણ છે અને 'કુસુમ' પણ છે. જેટલી ચીજો એક શબ્દથી કહેવાતી છે, તે બધી જ સાચી છે : અર્થાત્ અસ્તિત્વ ધરાવતી છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, - એ નવે તત્ત્વો છે ને ! એમાં ફેરફાર નથી. દુનિયામાં વસ્તુ ન હોય એનું નામ જ ન હોય. ન હોય એનું નામ બને ક્યાંથી ? એમને કહો કે - જે વસ્તુ ન હોય એનું નામ તો લાવો ? શાસ્ત્રકારોએ કહેલા પદાર્થોની સાબિતી આ શબ્દો જ કરે છે : પ્રમાણની વાત તો પછી ! 'નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ' - એ તો નિક્ષેપા છે, પણ એ છે કોના ? વસ્તુના છે. 'કીલાચંદ' - એ નામ તેઓએ ન સાંભળ્યું હોય, માટે જગતમાં હોય જ નહિ એમ ? આ તો એવા છે કે-'જે એમણે ન સાંભળ્યું, ન વાંચ્યું કે ન જોયું તે હોય જ નહિ'-એમ કહે છે. એવા હઠીલાઓને કહેવાય પણ શું ?

*સભાο શાસ્ત્ર ભગવાને લખ્યાં ?*

ભગવાન તો કંઈ લખતા જ નથી. જેને મોઢે યાદ હોય, એને ચોપડીનું કામ શું ? ભગવાનની પછી પણ શક્તિસંપન્ન તો કંઈ લખતા જ નથી, શક્તિ ઘટી ત્યારે જ લખાવ્યું, 'લખેલું ખોટું છે એમ સાબિત કરો, પછી એને ખોટું કહો' - એમ એમને કહો ! મુનિમ પચાસ ઠેકાણે લેવડદેવડ કરી આવે ને એ બધી ટપકાવે પછી શેઠને બતાવે. શેઠ પૂછે છે કે - આની ખાત્રી શી ? તો મુનિમ કહે કે - 'ખોટું લાગે તો તપાસ કરો.' યાદ ન રહે એ લખે, માટે ખોટું કહેવાય ? પચાસ જણની સાથે લેવડદેવડ કરનાર એક મુનિમ મોઢે રાખીને કહી દે એ સાચો અને બીજો ટપકાવીને કહે એ ખોટો એમ ? લખેલું ખોટું સાબિત કરવું જોઈએ, પછી એને ખોટું કહેવાય. જેમ આપણે એમની વાતો ખોટી પૂરવાર કરીએ છીએ, તેમ એ લોકો આ વાતો ખોટી પૂરવાર કરે ને ! જે વાત ખોટી પૂરવાર આપણે નહિ કરી શકીએ, તેને આપણે અડીશું પણ નહિ ! જેટલી વસ્તુ શાસ્ત્રમાં વર્ણવી છે, તે એમણે ન જોઈ કે ન સાંભળી માટે 'નથી' એમ કહેવાનો તેમને બિલકુલ હક્ક નથી.

## વૈજ્ઞાનિકો તો કદાગ્રહી નથી.

*સભાο કહે છે કે - વિજ્ઞાનથી સિદ્ધ નથી થતું.*

વૈજ્ઞાનિકો કદાગ્રહી નથી, પણ આ લોકો કદાગ્રહી છે. વૈજ્ઞાનિકો તો પોતે જુએ છે એટલું જાહેર કરે છે, પણ 'આટલું જ છે' - એમ નથી કહેતા અને બીજાઓ વધુ બતાવે તો ઈન્કાર નથી કરતા. જ્યારે વિજ્ઞાનવાદીઓના ઓઠા નીચે કદાગ્રહીઓ અનંત જ્ઞાનીઓએ કહેલી અને સંપૂર્ણ સત્યરૂપે ભાસતી વસ્તુઓની મનમાની રીતે ઈન્કાર કરતાં અચકાતા નથી. આ એક તેઓની ભયંકર કમનસીબી છે.

શ્રી સર્વજ્ઞદેવે જે જે વસ્તુઓ કહી છે, તે તે વસ્તુઓ માત્ર નામથી જ નથી કહી, પણ તેનું સ્વરૂપ, પરિમાણ અને ભેદપ્રભેદો સાથે કહી છે. એક પણ વસ્તુ એવી નથી કહી, કે જેનું રીતસર સ્વરૂપ બાંધવામાં ન આવ્યું હોય. આવા કોઈપણ રીતિએ બાધિત ન થાય તેવા પ્રમાણભૂત આગમે કહેલી વસ્તુઓનો યથેચ્છ રીતિએ ઈન્કાર કરવો, અગર તેની સામે એલફેલ લવવું એ વિજ્ઞાનવાદ નથી પણ જંગલી જડવાદ છે. ડહાપણને દેશવટો આપીને પ્રમાણભૂત વસ્તુઓને પણ કલ્પિત કહેનારાઓથી તો પોતાની વાત પણ સાબિત નહિ કરી શકાય. 'હિન્દુસ્તાનના નકશામાં અહીં જ અમદાવાદ એની શી ખાત્રી ? ગપ્પાં માર્યા છે, કોઈએ ચીત્રી માર્યું છે' - એમ જો કોઈ વિદ્યાર્થી કહે તો તે ભણે કે બેવકૂફ જ રહે ? આવી જાતની બેવકૂફી કરનાર 'વિદ્યાર્થી' કહેવરાવવા માટે પણ લાયક નથી, તો પછી તે વિદ્વાન બને એવી તો આશા જ કેમ રખાય ? અત્યારે શ્રુતજ્ઞાન ઘણું જ ઓછું રહ્યું છે - એ વાત સાચી, પણ જે છે તે યથાસ્થિત જ છે. પૂર્વની અપેક્ષાએ નહિ જેવું છે એમાં ના નહિ, કારણ કે-નવપૂર્વધર થયા પછી દશમા પૂર્વનો અભ્યાસ કરતા **શ્રી આર્યરક્ષિતસૂરિજી**એ ભગવાન **શ્રી વજસ્વામીજી**ને પૂછ્યું હતું કે:-

**'હે પ્રભો ! દશમા પૂર્વનું હું ભણ્યો કેટલું અને બાકી કેટલું રહ્યું - એ આપ પ્રસાદપૂર્વક કહો !'**

આના ઉત્તરમાં સંપૂર્ણ દશપૂર્વધર ભગવાન **શ્રી વજસ્વામીજી મહારાજા**એ ફરમાવ્યું કે:-

**'હજુ તું તો બિંદુમાત્ર ભણ્યો છું ને બાકી તો સાગર જેટલું છે.'**

આ ઉપરથી સ્પષ્ટ છે કે - વર્તમાનનું શ્રુત પૂર્વની અપેક્ષાએ નહિ જેવું જ છે, પણ જે છે તે એટલું બધું છે કે - જિંદગી સુધી ખૂટે તેવું નથી અને તેની સામે વિશ્વનો કોઈપણ વિદ્વાન ટકી શકે તેમ નથી, કારણ કે - એમાં એક પણ વાત એવી નથી, કે જે કૃત્રિમ હોય, વસ્તુને વસ્તુ સ્વરૂપે જ્યાં વર્ણવાયેલી હોય, ત્યાં શું ચાલે ? વિદ્વાન પણ અસત્યને ખંડી શકે, પણ સત્ય આગળ શું કરે ? સત્ય આગળ તો વિદ્વાનમાત્રને શિર ઝુકાવ્યે જ છૂટકો. પણ આજના તો જેઓ કલ્પિત મનઃસૃષ્ટિ ઉપર જીવનારા છે, તેઓને તો ડહાપણને પણ ગીરવે મૂકીને જ વાતો કરવી છે, એટલે થાય પણ શું ? દલીલથી વાત કરે એને પહોંચાય. શાસ્ત્રોને નહિ માનનારા તેઓ ઈતિહાસને માને, એના ઉપર તો મોટી મોટી મદારો બાંધે ને નગરો તેમ જ રાજાઓ તથા રમણીઓનાં રૂપ વિગેરે વર્ણનો પણ તેના જ આધારે દોરે. ઈતિહાસ લખનારા તો પગારદાર પણ હોય છે અને નામનાના પણ ભૂખ્યા હોય છે : તેઓના લખાણને પ્રમાણિક માનનારા અને નિઃસ્વાર્થપણે કેવલ હિતબુદ્ધિથી જ માત્ર - એક વિશ્વના કલ્યાણ માટે જ લખનારા મહાપુરુષોનાં લખાણોને નહિ માનનારાઓને કેવાં માનવા એ ખાસ વિચારવા જેવું છે.

## શાસ્ત્રે કહેલી ભાવનાઓને ચિંતવો !

જ્ઞાનીપુરુષોએ દ્વીપ સાગર આદિ વસ્તુઓનું વર્ણન કોઈને ત્યાં મુસાફરી કરવા જવાની પ્રેરણા કરવા માટે નથી કર્યું : જગતના પદાર્થો ભોગવવા માટે એ બધું નથી કહ્યું, પણ આ બધું જાણ્યા પછી આત્મા એમ વિચારે કે - દુનિયા આટલી બધી મોટી છે. એમાં ભૂલા પડ્યા કે મૂંઝાયા તો ઠેકાણું પડવાનું નથી, આવડી મોટી દુનિયામાં ભટકવાથી આત્માનું શ્રેય નથી : ખાવા પીવામાં શ્રેય નથી. ખાય તો સૌ છે. મળેલાને ખાય છે, મેળવીને ખાય છે, લૂંટીને ખાય છે, એ બધું કહેવાની શાસ્ત્રકારોને જરૂર શી ? મરતાં જો સાથે આવે તો છાતીએ બાંધીને લઈ જાય એવા પણ છે. જો એવા સમાચાર મળે કે - ખાવા પીવા વિગેરે ચીજો સાથે આવે, તો સાથે ખાટલે બાંધીને લઈ જાય. દુનિયામાં ભોગ સામગ્રી તો ઘણી છે. એ ભોગવી ભોગવીને તો કૈંક પાયમાલ થયા. આ બધું શાસ્ત્રકાર ત્યાં જવા માટે નથી બતાવતા, પણ આત્મા જગતના પદાર્થોથી પાછો વળે, એ સમજાવવા માટે બતાવે છે.

બાર ભાવનામાં એક **લોકસ્વરૂપ** ભાવના છે. **'અનિત્ય'** આદિ બાર ભાવનાઓમાં **'લોકસ્વરૂપ'**ની પણ ભાવના આવે છે. એ ભાવનામાં લોકનું સ્વરૂપ વિચારી, આત્માની ફેલાતી વિષયવૃત્તિને રોકવાની છે. આત્માને વિષયકષાયથી પાછો વાળી પોતાના સ્વરૂપમાં સ્થિર કરવા માટે આ વર્ણન છે. અનિત્યભાવના એ છે કે જગતના પદાર્થો નાશવંત છે, આત્માથી જુદા છે, એને સાચવવાનો પ્રયત્ન તે ફોગટ છે. ક્ષણમાં હોય તે ક્ષણ પછી ન પણ હોય. જ્યારે દુનિયાના પદાર્થો અનિત્ય છે, ત્યારે એને વળગવું શા માટે ? કોઈ કહે કે - ભલે નાશવંત હોય, પણ વળગીએ કેમ નહિ ? ભાઈ ! એ પદાર્થો તારા નથી, પારકા છે, તું તે નથી, તું અને તે જુદા છો.સંસાર આખો અસાર છે, દુઃખમય છે, આમ એક પછી એક ભાવનામાં માત્રા વધતી જાય. આ રીતે ભાવના વધારવામાં હેતુ એ છે કે - દુનિયાના પદાર્થો તરફ દોડતું મન સંકોચાય.

જગતના પદાર્થો અનિત્ય છે, પોતાના નથી, સંસાર અસાર છે, એ નક્કી થયા પછી શું હૃદય પાપવાસનાથી ન સંકોચાય ? તાકાત હોય તો અસાર પદાર્થમાંથી સાર લ્યો, પણ તમારો સાર એમાં ફસી જઈને ખરચી ન નાખો. અનિત્ય અને અસાર પદાર્થોની સાધના પાછળ આત્મા પોતાનું ગુમાવી રહ્યો છે. 'ઘર સમરાવવું, પેઢી સાચવવી, છોકરાં રમાડવાં, માલ ખાવો, પછી થાકીને ઊંઘવું : ચોવીસે કલાક ધંધો તો આ ને ! પણ એ બધા કોણ ! તારા કે પારકા ? તમારાથી તો દુનિયાના દર્દી સારા, કે જે વૈદ્યને હૈયાની વાત બધી કહે. વૈદ્ય કહે તે ખાય અને ના કહે તે ન ખાય. આ તો એવા કે - હૈયાની વાત જ કહે નહિ. એમનો રોગ કોણ મટાડે ? રોગથી ટેવાયા છો.

પ્રાયઃ આજના લોકોને તો પેઢી, ઘર ને પાઘડી સાચવવાં છે. ધર્મની કશી જ પડી નથી. જે માણસ ઘરમાંથી નવરો નથી થતો, તે ધર્મનું શું ઉકાળે ? મંદિરમાં એવા પાંચ વધારે ભેગા થાય, તો મૂંઝવણ વધારવા સિવાય બીજું શું કરે ? માટે તો નિસીહિ કહીને મંદિરમાં પેસવાની વિધિ છે. 'નિસીહિ' કહીને દહેરાસરમાં પેઠા પછી પણ વાતો ઘરની કરે, યાદ ઘરને કરે, ને ઘડિયાળ જોઈને ટાઈમ થઈ ગયો કહે, પૂજાને વાર હોય, પખાળ ન થઈ હોય, તો ધમાલ કરી મૂકે' - આ દશાવાળાઓનો ઉદય શી રીતે થાય ? દુનિયાની કોઈ પણ વસ્તુ પાસે રાખવા માગો તો પણ રહેવાની નથી. લક્ષ્મી કદી રાખી રહેવાની નથી. એક રાતી પાઈ ધર્મમાં નહિ ખરચનારા અને મખ્ખીચુસ બની બેઠેલાઓ પણ ભિખારી થયાના દાખલા છે ને ?

## પ્રભુના માર્ગનું સંરક્ષણ કઈ રીતે થાય ?

એક શ્રાવકને ખોટ આવી, ઘરબંગલા ગીરો મુકાઈ ગયા. આટલું છતાં એ કહેતા કે - 'મને ઓરતો નથી, લક્ષ્મી જવાની છે એ તો હું જાણતો જ હતો, એટલે મારે કરવાનું તો મેં કર્યું જ છે. એ વખતે પણ હું ત્રિકાળ જિનપૂજન તથા ઉભયટંક આવશ્યક કરતો હતો અને અત્યારે પણ કરું છું' એ શ્રાવક પહેલાં પણ સાહેબ કહેવાતા હતા અને પછી પણ સાહેબ જ કહેવાયા: એમને બધે ગાદી જ મળતી હતી. એમની ગાદી પછી પણ ગઈ નહિ. એનું કારણ કે - એ સાચા શ્રાવક હતા.

આજ તો કહે છે કે - મંદિર, ભગવાન, મહારાજ, આગમ, ધર્મ એ બધું સાચું, એ સાચવવાનું ખરું, પણ ઘર-પેઢી ને આબરૂ એ ત્રણ સાચવીને પછી! 'કોઈ વળી અંધશ્રદ્ધાળુ કહે, કોઈ વળી ભગતડાં કહે, તિજોરીમાંથી કાઢવું પડે' - એ ક્યાં કરવું? જેના આત્મામાં અનિત્ય, અન્યત્વ અને સંસાર આદિ ભાવનાઓ રમતી હોય, તેને આવા નાશક વિચારો આવે? નહિ જ. પણ આજની દશા ભયંકર છે. 'લોકો આજે એવા ધર્મી ગણાતાને હસે છે' - એમાં કંઈ નવાઈ જેવું નથી. અધર્મીઓ કહે છે કે - 'અમે તો અધર્મી છીએ, ભલે! પણ તમારા ધર્મી કેવા છે?' શાસ્ત્ર બધી વસ્તુને અનિત્ય કહે છે, પણ અમે માનતા નથી: પણ તમારા ધર્મીઓ કે જે અનિત્ય માને છે તે કેવા છે?' આવો પ્રશ્ન કરે છે! જેને આરાધ્ય માન્યું, વ્યાજબી માન્યું, તેની ખાતર કહેવાતી આબરૂ, પેઢી કે લક્ષ્મીની દરકાર હોય? આજના ધર્મવિરોધીઓ તો ખુલ્લું કહે છે કે - 'અમે તો ઊખડી ગયેલા છીએ, અયોગ્ય જેને માનીએ છીએ તેને ઊખેડવા તથા અમે જેને વ્યાજબી માનીએ છીએ તેને સિદ્ધ કરવા કેટલા પ્રયત્ન કરીએ છીએ? - એ તો એવા છે કે - એમને નાતની, સમાજની કે સંઘની કશાની પરવા નથી.

દેશ માટે સ્વરાજ્યની લડતમાં શું છે? ઘર જાઓ તો ભલે! જેલમાં જવું પડે તો તૈયાર! પોલીસ આવે તો ભલે આવી' - એ જ કે બીજું કાંઈ? ભલે તેઓ ગમે તે ભાવનાવાળા હોય, પણ આપણો મુદ્દો - અહીં કહેવું એ છે કે ત્યાં આ દશા છે ત્યારે પ્રભુના માર્ગના સંરક્ષણ ખાતર તમારી કઈ હાલત છે? અનિત્ય ભાવના તમારી કે કોની? એ તો એ ભાવના સમજ્યા નથી એમ પણ કહેવાય! અને ધર્મી ગણાતા આત્માઓને તો તે ભાવનાઓ પદાર્થપાઠ જેવી છે: એ ભાવનાઓનો જીવનમાં અમલ ન થાય, તો સંસારનો અંત શી રીતે થાય? પૈસા પાછળ પાગલ બનેલો, પૈસા તથા પોતાની જાત માટે ધર્મને વેચનારો, વિષયનો કીડો, વિષયકષાયોમાં બદ્ધ, સંસારમાં ભટકે નહિ તો થાય શું? એવા પામરો માટે મુક્તિસ્થાન નથી! શ્રી વીતરાગદેવનો માર્ગ રુચ્યો ક્યારે કહેવાય? રક્ષા કરો તો કે એમ જ? પ્રભુના માર્ગના પાલન અને રક્ષણ માટે ત્યાગી પણ બનવું પડે! પાઘડી અને કહેવાતા પોઝીશનને થોડા વખત દૂર પણ રાખવા પડે.

## સ્વામીના નીમકહલાલ બનો !

*સભા૦ પાઘડી પહેરનારે પણ ધર્મ તો સાચવ્યો છે ને ?*

જરૂર, પણ તે પાઘડીમાં પોતાપણું માનીને નહિ! **મંત્રીશ્વર વસ્તુપાળ** તથા **તેજપાળે** સ્પષ્ટ કહ્યું કે - 'મંત્રીમુદ્રા કાલ જતી, હોય તો આજ જાઓ-પણ ધર્મ ન જાઓ!' તો પરિણામે રાજા પણ નમ્યો. અને રાજાને પણ એમ થયું કે - 'આ સાચા છે.' જેના (જે ધર્મના) આટલા સેવકો તે નિરાધાર? એકની મલિકીથી ઘર ચાલે, ત્યારે જેના અનેક માલિક તે ધર્મની આ દશા? લાતો ખાઈને ઘર ચલાવે, કેમકે મારું માન્યું અને અહીં જ બધી વાતોમાં ઉંહું. હું તો કહું છું કે - લક્ષ્મી અસાર છે અને ચાલી જશે એટલે પછી રોતા રહેશો: એને જતી ન કરવી હોય તો પણ મમતા છોડો.

## નિમકહરામ નોકરો !

જેના હૈયામાંથી દુનિયાના પદાર્થોનું મારાપણું ન જાય, દુનિયાના વિષયોનો હડકવા ન જાય, તે ધર્મની સેવા શી રીતે કરે? આ સેવા કાંઈ સહેલી નથી. આની સેવામાં તો મૂકવાનું જ છે. કમાઓ તેટલું બધું પણ મૂકવું પડે! લાભ તો મળવાનો, પણ મળે ત્યારે. પરમાત્રને મૂકવાની વૃત્તિ ન થાય, ત્યાં સુધી શ્રી જિનેશ્વરદેવના શાસનની વાસ્તવિક સેવા ન થાય. 'ધર્મ-વગર પૈસાનો' એ વાત સાચી, પણ પૈસા રાખવાની ભાવના તો ન જ જોઈએ. અકસ્માત્ નહિ, પણ ઈરાદાપૂર્વક પૈસા વિનાના થવાની ભાવના જોઈએ. જેને ધર્મ પૂરો ગમે, તે તો પૈસાને ઠોકરે મારે, શરીરને વહેતું મૂકે, શિલા ઉપરથી ગબડતું પણ મૂકે, રોળાવા પણ દે. એને ધર્મ આગળ પર વસ્તુઓની કશી જ પરવા ન હોય! તાકાત ન હોય તો ભગવાન કેસર નથી માગતાં, પણ પૈસા વિનાના થવાની ભાવના તો જરૂર માગે છે. અનાજ ન હોય તો સાધુને ન દેવાય તે ચાલે, પણ એમના જેવું ભિક્ષુકપણું તો માગવું જ પડે. નામના બધી કરવી અને કાર્યવાહીમાં મોટું મીંડું એ કેમ ચાલે? હૃદયમાં બરાબર આ ધર્મ વસ્યા પછી લક્ષ્મીની, બંગલાની,


G:/2011/JINVANI-11/JINVANI-11-9-MAY

ઘરની, પેઢીની, આબરૂની કે નાકની કશાની પરવા ધર્મ આગળ ન હોય! **શ્રી આનંદઘનજી** ભગવાન **શ્રી ઋષભદેવ સ્વામી**ના સ્તવનમાં કહે છે કે -

> ***''ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે,***
> ***પૂજા અખંડિત એહ;''***
> ***કપટરહિત થઈ આતમ અરપણા રે,***
> ***આનંદઘન પદરેહ,***
> ***ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે.''***

ચિત્તની પ્રસન્નતા એટલે શું? દેરાસરમાં હસતો હસતો આવે તે? લાખ મળ્યા, બાયડી પરણ્યો, માટે હસતો હસતો આવે એ? નહિ, આ પ્રસન્નતા તે કે-દુનિયાની એક પણ વસ્તુ ચિત્તને ચલાયમાન ન કરે. નાથને કહે કે-'હું તારો અને તું મારો!' તું મારો એટલે? તારી ખાતર બધું ડુલ! આગળ રાજાના નોકર પણ એવા હતા. વિશ્વાસપાત્ર હોય તે જ રાજાના રક્ષક હોય. રાજાની રક્ષા માટે પોતાના પ્રાણની પણ એ પરવા નહોતા કરતા. એક રાજાના કેદ થયા પછી તે રાજાના બે વિશ્વાસુ નોકરો પોતાને ઘેર આવ્યા. તે નોકરોની માતાએ તેમને કહ્યું કે, -'મારે પેટે તમે ક્યાં પાક્યાં? તમારો માલિક જેલમાં અને તમે પાછા આવ્યા?' તરત એ પાછા ગયા તથા પોતાના માલિક પાસે પહોંચ્યા અને કહ્યું કે - 'પધારો!' જો કે રાજાએ આવવાની ના પાડી કહ્યું કે - 'તમે વિશ્વાસપાત્ર છો.' થોડા રૂપિયાના પગારદાર પણ આવા નિમકહલાલ હતા.

તમે તમારી શક્તિ ખર્ચો, એક આદમીની શક્તિના ખર્ચમાંથી હજારો પાકશે. ફળ પાક્યા પછી બીજ વાવું, એવી વાતો ડાહ્યો ન કરે! ઘરનું બીજ લાવીને જમીનમાં વાવે અને પોષે તે પછી ફળ મળે. પ્રભુમાર્ગને સાચો માન્યો, લક્ષ્મીને અસાર અને જનારી માની, શરીરને નાશવંત માન્યું, પછી પ્રભુમાર્ગને સાચેસાચ ભસ્મીભૂત કરવાની વાત થાય ત્યાં સુધી યોગ્ય ફરજ ન બજાવીએ, તો હું કહું છું કે - તમે અને અમે સ્વામીના નિમકહરામ નોકરો જ કહેવાઈએ. તારકોએ આપણને તારવા માટે ચીજ સમર્પી. શ્રી તીર્થંકરદેવે કહી અને શ્રી ગણધરદેવે દ્વાદશાંગી ગૂંથી, અને આચાર્યોએ પ્રાણની પરવા વિના પણ સાચવી : સાચવવા માટે ભયંકર તકલીફો વેઠી. એવી તકલીફો છે ક્યાં? એમાંની જરા હોય, તો તો આજના માલિક ગણાતાઓનું મોઢું પણ ન દેખાય! એવી તારક ચીજને ભસ્મીભૂત કરવાની વાત થાય, ત્યાં સુધી રૂંવાડું પણ ફરકે નહિ, એના જેવી અધમતા બીજી કઈ? આટલે સુધી વાત પહોંચ્યા પછી પણ કારમું મૌન પકડનારા અને તિજોરીઓ ઉપર હાથ ફેરવ્યા કરનારા તથા પોતાનાં માન અને પોઝીશનની દરકાર કરવામાં શાસન પ્રત્યેની ફરજ ભૂલી જનારા અને તારકના નાશ વખતે લક્ષ્મી વગેરેની ચીવટ રાખ્યા કરનારા, ખરે જ પામેલા પણ ધર્મને હારી જનારા છે. ધર્મના સંરક્ષણ ખાતર તો સર્વસ્વનું સમર્પણ થવું જોઈએ. માથા ઉપરની પાઘડી જાય તો ખબર પડે! કોઈ લાખ લઈ જઈને આપવાની 'ના' કહે તો સોલિસિટર પાસે નોટીસ અપાવે કે - 'આથી જણાવું છું કે - આપી દે, નહિ તો બધાં પગલાં તારા ખરચે લઈશ.' ત્યાં સ્ટૅમ્પ પણ ચોડો ને! ત્યાં માનો છો કે- મૂળ અને ખરચ બધું મળવાનું છે. અહીં ખોટા થવાના છે, એમ માનો છો શું? લાખને માટે વકીલ, બેરીસ્ટર, સોલિસિટર તમામ ધમાલ : અને ધર્મને માટે એક પણ સુપ્રયત્ન નહિ એનું કારણ? એ જ સૂચવે છે કે - ધર્મ પ્રત્યે સાચું મારાપણું આવ્યું નથી : નહિ તો આવે વખતે ખરી શાંતિ, ક્ષમા અને સમતાને નામે છતી શક્તિએ બેસી રહેનારા અને ઉપેક્ષા કરનારા પણ ધર્મનું અપમાન કરનારા છે.

***સભા૦ શાસન તો એકવીસ હજાર વર્ષ રહેવાનું છે ને?***

હા, શાસન તો એકવીશ હજાર વર્ષ રહેશે જ : પણ આવે સમયે છતી શક્તિએ ઉપેક્ષા કરનારાઓ તો નાશક જ ગણાશે. છોકરાને કોઈ ઉપાડી જાય, એને બચાવવા બાપ પ્રયત્ન ન કરે, જોયા કરે, પછી પેલો આદમી દયાથી કે ન ફાવવાથી છોકરાને છોડી દે - એ વાત જુદી, પણ એથી કાંઈ બાપ રક્ષક તો ન જ ગણાય. રોજ શેઠને સલામો ભરનારો નોકર, શેઠના મકાનમાં કે પેઢીમાં લ્હાય લાગે ત્યારે છેટો ઊભો રહે, અને પછી ભલે બંબાવાળાથી બધું બચે, પણ શેઠ તો નોકરને કહી જ દે કે - 'ઓળખી લીધો તને, હવે ઘેર જા! મારા ભાગ્યમાં હતું, બંબાવાળા આવી પહોંચ્યા અને બધું બચ્યું, એ વાત જુદી, પણ તેં શું કર્યું?' શું આ બધું નથી સમજતા? નાશક વસ્તુઓની રક્ષા પાછળ અનેક છળપ્રપંચ કરવા છતાં, શાસનરક્ષાના પરમ શુદ્ધ પ્રયત્નની નુકતેચીની કરનારા તદ્દન અજ્ઞાનકોટિના જ માનવીઓ છે.

શાસનરક્ષાનું કામ તો તદ્દન ખુલ્લું છે : કપટ અને પ્રપંચ વગરનું છે : તેમાં કોઈનું પણ ભૂંડુ ઈચ્છવાનું નથી કે કોઈનું પણ બગાડવાની મનોવૃત્તિ નથી. શાસનરક્ષામાં તો સામાનું પણ ભલું જ ઈચ્છવાનું છે અને 'એ પણ ક્યારે સુધરે?' - એ જ એક ભાવના રાખવાની છે. આપણે તો શુદ્ધ ભાવનાપૂર્વક શાસનરક્ષાના આપણાથી બની શકે તેટલા સઘળા જ શુદ્ધ અને શક્ય પ્રયત્નો જરા પણ ગભરાયા કે અચકાયા વિના કરી છૂટવાનું છે. શાસન તો પોતાના


G:/2011/JINVANI-11/JINVANI-11-9-MAY

પરમશુદ્ધ સ્વરૂપથી જ જીવવાનું છે. તે કાંઈ આપણા યોગે જ જીવવાનું છે એમ નથી, પણ આપણે જેને પરમ શુદ્ધ અને સંસારતારક માનીએ, તેના ઉપર કમનશીબ આત્માઓ તરફથી આક્રમણ આવે, તે સમયે જો આપણે છતી શક્તિએ તે આક્રમણની સામે જબ્બર બચાવ ન કરીએ, તો એક શાસનના સેવક તરીકેની આપણી ફરજનો આપણે ભંગ જ ર્ક્યો ગણાય અને એ રીતિએ ભંગ કરનારા આપણે, આપણા તારક શ્રી જિનેશ્વરદેવના નિમકહલાલ નહિ, પણ નિમકહરામ જ ગણાઈએ : માટે જ હું કહું છું કે - આપણાથી બની શકતા સઘળા શુદ્ધ પ્રયત્નો આચરી સ્વામીના નિમકહલાલ સેવકો બનો.

# (૨૩)

## મર્યાદાહીનપણું આ શાસનમાં ન જ ચાલી શકે.

સૂત્રકાર મહર્ષિ **શ્રી દેવવાચક ક્ષમાશ્રમણજી,** શ્રી સંઘને સ્તવતાં સાત રૂપકથી સ્તવી ગયા : અને હવે સૂત્રકાર મહર્ષિ મેરુના રૂપકથી સ્તવના કરે છે. સાતે રૂપકમાં જે યોગ્યતા તથા મર્યાદા કહી, તે આપણે જોઈ ગયા. જે મર્યાદાહીન બને, એ પૂજ્યકોટિમાં રહી શકે જ નહિ. જેણે શ્રી સંઘ બનવું હોય, તેણે તેવી યોગ્યતા મેળવવી જ જોઈએ. યોગ્યતા મુજબ વર્ત્તે તો પૂજ્ય કોટિમાં ટકી રહે, યોગ્યતા લંઘે તો પૂજ્યતાની કોટિમાં ટકી રહેવું એ અશક્ય જ : અને તેમાંયે આ તો શ્રી જૈનશાસન! એમાં મર્યાદા વિના ટકાય જ નહિ; કારણ કે - દેવ, ગુરુ અને ધર્મને પણ શુદ્ધ જોયા વિના અને યોગ્ય પરીક્ષા કર્યા વિના ન માને એવું આ શાસન છે. દેવમાં અરિહંતપણું છે કે નહિ, ત્યાગી ગુરુઓમાં નિર્ગ્રંથપણું છે કે નહિ અને ધર્મ યોગ્ય છે કે અયોગ્ય - એ બધું જોયા પછી જ તત્ત્વત્રયીનો પણ સ્વીકાર કરનાર આ શાસન ગમે તેવા ટોળાને શ્રી સંઘ તરીકે કેમ જ માને? દુનિયાના અજ્ઞાન લોકોમાં જેમ કુદેવને સુદેવ તરીકે, કુગુરુને સુગુરુ તરીકે અને કુધર્મને સુધર્મ તરીકે મનાય છે, - તેમ ત્યાં ભલે કુસંઘ પણ સુસંઘ તરીકે મનાય, પણ અતિશય ઝીણવટથી પરીક્ષા કરનાર શ્રી જૈનશાસનમાં તો જે તે ટોળાને સંઘ ન જ મનાય.

''बालादपि हितं ग्राह्यम्''

'બાલકથી પણ હિત ગ્રહણ કરવું - એ ન્યાયે શ્રાવકસમુદાય પણ, જો પ્રભુની આજ્ઞા મુજબની સલાહ સાધુઓને આપે - તો સાધુઓ પણ તે સલાહ માનવાને બંધાયેલા છે. યદ્યપિ સાધુ-સાધ્વી પૂજ્યકોટિનાં છે, તથાપિ શ્રાવક-શ્રાવિકાની પ્રભુઆજ્ઞાનુસારિણી સલાહને જો તેઓ ન માને, તો જરૂર તેઓ ભૂલ કરે છે' - એ તદ્દન શંકા વિનાની વાત છે. કોઈ પણ સુવિહિત સાધુનો એવો આગ્રહ જ નથી કે - શ્રાવકસમુદાયની સલાહ માનવી જ નહિ. પ્રમાદ તથા છદ્મસ્થતાના યોગે સાધુ-સાધ્વી પણ ભૂલે અને એ જ કારણે - પ્રભુ આજ્ઞાને અનુસરતી જે સલાહ શ્રાવક શ્રાવિકા આપે, તેને સાધુ-સાધ્વી પણ માનવા બંધાયેલા છે. શ્રાવક-શ્રાવિકાને સાધુ-સાધ્વીના માબાપની કોટિમાં પણ એ જ કારણે મૂક્યાં છે.

જેમ માતાપિતા બાળકની રક્ષા કરે, તેમ સાધુ-સાધ્વીના સંયમની રક્ષા, પુષ્ટિ અને વૃદ્ધિ વિગેરે શ્રાવક શ્રાવિકારૂપી માતાપિતા કરે. શ્રાવક-શ્રાવિકા તે છે, કે જે પૂ. સાધુ-સાધ્વીને પોતાનાં તારક માની તે તારકોને આજ્ઞા કરવાનું હૃદયથી પણ ન ઈચ્છે : ઊલટા નિરંતર તેઓની આજ્ઞા ઉઠાવવા માટે જ સજ્જ રહે. અમે તો ઈચ્છીએ છીએ કે - સાચા શ્રાવકો અમારા સલાહકાર તથા સહાયકો બને. અમારે જે કામ કરવું છે, તેમાં શ્રાવકો સહાયક બને એમાં હરકત શી? બેયને પ્રભુનો માર્ગ પાળવાનો છે, સેવવાનો છે અને જગતમાં પ્રચારવાનો છે. એ કામમાં આગમને અનુસરી વર્તવું એ જ ઈષ્ટ છે. આથી સ્પષ્ટ છે કે - આગમની મર્યાદાને સ્વીકારે તે જ શ્રી સંઘ પૂજ્યકોટિમાં છે. મર્યાદાહીનપણું આ શાસનમાં ન જ ચાલી શકે.

## શ્રી સંઘ તે, કે જે ધર્મીને સહાયક બને.

શ્રી સંઘરૂપ નગર ધર્મીમાત્રને આશ્રય આપે. નગર તે, કે જે યોગ્યમાત્રને આશ્રય આપે. ધર્મીને જે આશ્રય ન આપે તે શ્રી સંઘ નથી. શાહુકારનું રક્ષણ નગરમાં થાય, જંગલમાં ન થાય:જંગલમાં તો લૂંટાઈ જાય. શ્રી સંઘરૂપ નગરમાં રહેવા ઈચ્છનાર વિષયકષાયરૂપ સંસારને છેદવાની ભાવનાવાળો જ હોય. એવા ધર્મીના હાથમાં શ્રી સંઘ ચક્રરૂપ થઈને બેસે, ત્યાં શ્રી સંઘું ચક્રનું કામ કરે. આવા સંઘોને નહિ પૂજવાનું કયો હીણકર્મી કહે? સંસારરૂપ અરણ્યમાં આથડતા, આપત્તિમગ્ન અને સાધનહીન ધર્મીને ઈષ્ટસ્થાને પહોંચાડવા માટે શ્રી સંઘ, એ રથ સમાન છે:પોતામાં બેસાડીને મોક્ષમાર્ગની મુસાફરી કરાવનાર છે. 'મોક્ષમાર્ગે જવા નીકળ્યા અને ઠેકાણું તો છે નહિ!' એમ શ્રી સંઘ તો ન જ કહે. શ્રી સંઘ એમ આગળ પાછળનું ન જુએ:એ તો કહે કે - 'આગળ પણ અમે છીએ અને પાછળ પણ અમે છીએ! આગળથી પકડવા આવે તેને અને પાછળથી પકડવા આવે તેને, બેયને ખસેડવા તથા દૂર કરવા તૈયાર છીએ.' ધર્મીના આશ્રયસ્થાન રૂપ શ્રી સંઘ સંસાર છેદવાના કાર્યમાં ચક્રરૂપ થાય અને ભૂલા પડેલા અને આથડતા એવા પણ અર્થીઓ માટે શ્રી સંઘ એ રથ તુલ્ય છે.

આલંબન વિના કોઈ કામ ન થાય. ત્રણ માળ આ મકાનને છે, પણ તે ચઢાય શાના આધારે? નીસરણીના આધારે

જ ચઢાય. નીસરણી ન હોય તો નીચે જ ઊભા રહેવું પડે. ત્રણ માળ ચઢવા નીસરણી જોઈએ, તો સાત રાજલોક ઊંચે જવા નીસરાણી જ નહિ? આજ કહે છે કે-'આત્મકલ્યાણ કરવા નીકળે એ સાધન તથા સહાય શા માટે માગે?' અમે કહીએ છીએ કે-'એને તો બહુ જોઈએ.' સારા કાર્ય માટે સહાય માગવામાં નાનમ શી? આત્મા અનેક પ્રકારની કર્મની વિચિત્રતાથી અવરાયેલો છે. શરીરની અનુકૂળતા હોય, તો સાધનની પ્રતિકૂળતા હોય, સાધનની અનુકૂળતા હોય, એને શરીરની પ્રતિકૂળતા હોય : કોઈને બેચ હોય તો સાથીનું ઠેકાણું ન હોય : ફરવા જાય ત્યાંય વાત કરવા સાથી જોઈએ છે, તો મોક્ષમાર્ગ માટે કાંઈ જ ન જોઈએ એમ? આજ તો કહે છે કે-'છે કંઈ ઠેકાણું?' આ શબ્દો શ્રી સંઘના મોંમાં હોય? કદી જ નહિ. દુનિયાના પદાર્થો અનિત્ય છે, અન્ય છે, એ જચ્યું નથી એનું જ આ પરિણામ છે. જૈનશાસનની આ તો અપૂર્વ ચાવી છે. જગતના પદાર્થોની અનિત્યતા, અસારતા અન્યતા વિગેરે શ્રી જૈનશાસન સિવાય આ રીતે કોઈએ સમજાવી નથી.

શ્રી સંઘ તે, કે જે સ્વયંધર્મી હોય : પોતાથી બને એટલો ધર્મ કરે, બીજાને કરાવે, કરતાને અનુમોદે, સહાય કરે, પણ જે પોતે કરે નહિ અને કરતાને સારો માને નહિ એવાઓ તો વગર કહ્યે શ્રી સંઘથી બહાર જ છે. અઢારે પાપસ્થાનક પોતે સેવે નહિ, સેવરાવે નહિ અને અનુમોદે નહિ,-એ તો પહેલા નંબરનો ઊંચામાં ઊંચો ધર્મી : કદાચ એ પોતાથી ન થાય, તો મુમુક્ષુ આત્માને સહાયથી તેનો ત્યાગ કરાવે : એ પણ તાકાત ન હોય તો ત્યાગ કરનારને અનુમોદે : તો એ શ્રી સંઘમાં ટકી શકે છે. 'આ તો પોતે ત્યાગ ન કરે, કરે એને કરવા ન દે, એટલું જ નહિ પણ ઊલટો કનડે અને પાછા કહે કે,-'અમે સંઘમાં!' આવી નાલાયકાત પ્રભુશાસનમાં ન જ ચાલે!

## મૂંઝવણના નામે વિપરીત વાતો.

શ્રી જિનેશ્વરદેવના આ અનુપમશાસનને પામેલા આત્માને ખોટી મૂંઝવણ કદી થતી જ નથી. વસ્તુતત્ત્વથી અજ્ઞાત રહેલા આત્માઓ જ મૂંઝવણના નામે વાસનાઓને પોષવાની કુચેષ્ટાઓ કરી શકે છે. શ્રી જિનેશ્વરદેવનું શાસન પામ્યા પછી, પાપસ્થાનક અને પુણ્યસ્થાનકનો વિવેક પણ ન કરી શકાય,-એના જેવી ભયંકર અજ્ઞાનતા બીજી કઈ હોઈ શકે? મુમુક્ષુ આત્મા પોતા માટે સર્વ ત્યાગના ઉપદેશને પણ અનુપયોગી માને, એ બનવા જોગ જ નથી. 'મુમુક્ષુપણું અને સર્વત્યાગના ઉપદેશ તરફ પણ અરુચિ'-એ કેટલી બધી અઘટિત ઘટના છે! એ આ વીસમી સદીના વાયડા વિદ્વાનોના લક્ષ્યમાં ન આવી શકે, એ તદ્દન સુસંભવિત છે. 'સર્વવિરતિ' આદરવાની ઈચ્છાનો પણ અભાવ જે આત્મામાં દેખાય, તે આત્મામાં શ્રી જિનશાસનની મુમુક્ષુતા કોઈપણ રીતિએ ટકી શકતી નથી. શ્રી જિનશાસનની મુમુક્ષુતાને સર્વવિરતિની ભાવના સાથે ઘણો જ ઘનિષ્ટ સંબંધ છે. સાચા મુમુક્ષુને પોતાની મુમુક્ષુતાના યોગે, પ્રસિદ્ધિ કે જાહેરાત મળી જાય એ એક જુદી વાત છે : બાકી એ પ્રસિદ્ધિ કે જાહેરાત માટે તરફડિયાં મારનાર કેવલ માન અને વાહવાહનો ભૂખ્યો તદ્દન પામર આત્મા નથી જ હોતો. ધર્મની ભાવનાને ટક્કર લાગે તેવી દરેક પ્રવૃત્તિથી તે પોતાની જાતને તદ્દન જ અલિપ્ત રાખે છે. મુમુક્ષુ આત્મા પોતાની કોઈ પણ વ્યવહારિક પ્રવૃત્તિને ધર્મનું રૂપ આપવાની ધૃષ્ટતા કરવા પ્રાણાંતે પણ નથી લલચાતો.

શ્રી જૈનશાસનમાં થયેલા કોઈ પણ રાજાએ રાજ્ય, મંત્રીશ્વરે મંત્રીપણું, શેઠિયાઓએ શેઠાઈ કે શ્રીમંતોએ શ્રીમંતાઈ, જૈન તરીકે જીવવા માટે નથી આચરી:કારણ કે:રાજ્યમાં, મંત્રીપણામાં, શેઠાઈમાં કે શ્રીમંતાઈમાં તેઓએ જૈનપણું માન્યું જ નથી. એટલી વાત જરૂર છે કે-તે પુણ્યપુરુષોએ પોતાને મળેલી સામગ્રીઓ દ્વારા જૈનશાસનને દીપાવવા માટે બનતું સઘળું જ કર્યું છે : શ્રી જૈનશાસનની પ્રભાવના ખાતર રાજ્ય આદિનો ઘણી જ છૂટથી ઉપયોગ કર્યો છે. આટલું છતાં પણ શ્રી જૈનશાસનના અલંકાર સમા તે પુણ્યપુરુષોએ, પોતાના રાજ્ય આદિને ધર્મ તરીકે મનાવવાનો કુપ્રયત્ન કદી જ આચર્યો નથી : કારણ કે-જૈનત્વ તે પુણ્યપુરુષોના રોમરોમમાં પરિણત થયેલું હતું. આજે તો જૈનત્વને વેચીને પણ પોતાની ક્ષુદ્રજાતને કિંમતી બનાવી, ધર્મી તરીકે જીવવાનો આડંબર કરનારા, પોતાની યથેચ્છચારિતા ઉપર 'જૈનત્વ'ની મહોરછાપ મરાવવાના કૂટ પ્રયત્નો આદરે છે. એ કૂટ પ્રયત્નો આદરનારાઓએ સમજી જ રાખવું જોઈએ કે-તેઓ માટે પરિણામે આ જીવનમાં બદનામીભર્યો પરાજય સર્જાયો છે અને આગામી જીવનમાં દુર્ગતિઓ જ નિર્માયેલી છે:શાસ્ત્રે વર્ણવેલ પાપકર્મોને અને પાપકર્મોના પરિણામ તરીકે વર્ણવેલી દુર્ગતિઓને ઉન્માદમાં ચઢીને ભલે આજે તેઓ નહિ માનવાની ગ્રથિલતા બતાવે, પણ કર્મસત્તા તેઓને કોઈ પણ રીતિએ છોડે તેમ નથી જ.

ખરેખર, આસ્તિકતાનો આડંબર કરનારાઓ ગમે તેવા કૂટ પ્રયત્નો સેવે, તો પણ તેઓ છૂપા રહી જ નથી શકતા. 'ભાવ-શ્રાવકના ગુણોનો ખ્યાલ છે!'-એમ કહેવું અને 'ઈહલૌકિક અને તે પણ પારંપરિક પાપમય પ્રવૃત્તિઓથી ઘેરાયેલી પ્રવૃત્તિઓને ધર્મની બુદ્ધિથી સેવવાના કોડ ધરવા'-એ પરસ્પર કેટલું વિરુદ્ધ છે?-એ આસ્તિક હૃદય સહજમાં જ સમજી શકે : પણ નાસ્તિક હૃદય તો તેમાં પણ પોતાની વિલક્ષણ પ્રકૃતિનો પરિચય કરાવવાનું કદી જ ન ચૂકે. જે હૃદયના નાસ્તિકો પોતે પોતાની અને પરની જાતને


G:/2011/JINVANI-11/JINVANI-11-9-MAY

ગૂંચવનારા પ્રશ્નો પોતાની મતિકલ્પનાથી જ ઊભા કરી, તે ક્ષુદ્ર પ્રશ્નોના સમાધાન માટે નિરંતર શાસ્ત્રપરિશીલનથી અને શુદ્ધચારિત્રના આસેવનથી પરિણત થયેલા આત્માઓને વર્તમાન રાજરંગ સમજવાની અને કહેવાતા વિજ્ઞાનનો અભ્યાસ કરવાની સલાહ આપવાની પણ કારમી ધૃષ્ટતા કરી શકે છે, તેઓની જાતને ઓળખાવવા માટે શબ્દકોષમાં શબ્દનો પણ અભાવ છે.

અનંત જ્ઞાનીઓની આજ્ઞાને અનુસરીને દુનિયાની સઘળી પ્રવૃત્તિઓના ત્યાગ દ્વારા પોતાની આત્મસિદ્ધિ પ્રગટ કરવા માટે સતત યત્ન કરતા આત્માઓને આર્થિક પ્રશ્નો સમજવાનું કહેવું, એ કેવી કનિષ્ટ જાતની ઉચ્છૃંખલ વૃત્તિ છે? - એ સમજવું શાણાઓ માટે જરા પણ કઠિન નથી : પણ એવા માણસો એટલા બધા ભયંકર ઘમંડી બની ગયા હોય છે, કે જેથી તેઓ પોતાની જાત આગળ બીજાને ચાલે ત્યાં સુધી શાણા માનવાને તૈયાર જ નથી હોતા. એવાઓ પ્રશંસા તેની જ કરે છે, કે જે પોતાને અનુસરે છે અથવા જેની પ્રશંસા ન કરવાથી જનસમાજમાં પોતાની જાત હલકી પડે છે. આવા માણસોથી સાવચેત રહેવું એ હરેક આત્મહિતૈષી માટે અત્યંત જરૂરી છે. આવાઓ અન્યના નામે મૂંઝવણની વાતો કરવામાં જ ઘણા કુશળ હોય છે અને એ રીતની કુશળતાથી પોતાની જાતને બચાવવા સાથે માર્ગાનુસારી આત્માઓને ઉતારી પાડવા માટે અનેક વિપરીત વાતો કરતાં એક લેશ પણ પાછું વાળીને જોવાની દરકાર કરતા નથી. સત્યની સાથે તેવાઓને બનાવ જ નથી હોતો. અસત્યનું આરાધન એ જ તેવાઓનો જીવનમંત્ર થઈ પડે છે. આવાઓ એમ જ સમજે છે કે - 'વસ્તુ માત્રના સ્વરૂપના અને ઈતિહાસ વિગેરેના જ્ઞાતાઓ અમે જ છીએ.' ખરેખર, આવાઓની ભયંકર મનોવૃત્તિ પ્રાયઃ વચનાતીત જ હોય છે. આવાઓનો જન્મ, જીવન અને મરણ સ્વપરના હિતને બરબાદ કરવા માટે જ હોય છે. આવાઓ વાત વાતમાં સાધુ-પુરુષોના અપમાનમાં અને મશ્કરીમાં જ આનંદ માને છે.

### ઈલેક્ટ્રીસિટિના સંબંધમાં-

મૂંઝવણના નામે અનેક વિપરીત વાતો કરનારે લખ્યું છે કે -

''એક સાધુ સાથે ઈલેક્ટ્રીસિટિ સંબંધી વાત થતાં, એણે એકદમ મક્કમ મત જણાવી દીધો કે - એને જિનમંદિરમાં દાખલ ન જ કરી શકાય. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે - બનાવટી વીજળી માટે તેમણે શું વાંચ્યું છે? કેટલા પ્રયોગ કર્યા છે? ત્યારે શરમાવે તેવું અજ્ઞાન તેમણે બતાવ્યું. તેઓને કહ્યું કે વીજળી તો ફોર્સ (બળ) છે, અજીવ છે. ત્યારે તેઓ એકદમ ઊભા થઈ ગયા અને જીવ ન હોય તો પ્રકાશ ક્યાંથી આવે છે એમ પૂછવા લાગ્યા. જ્યાં જ્યાં પ્રકાશ હોય ત્યાં ત્યાં જીવ હોય એમ વ્યાપ્તિ તેઓ કરે છે કે કેમ? એમ પૂછતાં પાછા હઠી ગયા અને આખરે અધર્મી, નાસ્તિક, વક્ર, જડ વિગેરે વાક્યરચના કરી બતાવી.''

આ લખાણમાં કેટલું અપમાન અને કેવી ઘાતકી મશ્કરી છે? આવાઓ પોતાની જાતને આસ્તિક મનાવવા મથે, એ કઈ રીતિએ ચાલે? જેના વાક્યે વાક્યે સાધુપુરુષનું અપમાન તરવરે, જેની વાતવાતમાં અનંતજ્ઞાનીઓની આજ્ઞા પ્રત્યેની અવગણનાનું દર્શન થાય અને જે પ્રસંગે પ્રસંગે સાધુપુરુષોને ઉતારી પાડવાની જ કુચેષ્ટાઓ કરે, તેનામાં જો નાસ્તિકતા નિવાસ ન કરે તો પછી નાસ્તિકતા બીજે રહે પણ ક્યાં?

જેનો પાવર ચાલુ રાખવા માટે ચોવીસે કલાક એક સરખી રીતિએ આરંભ અને સમારંભ ચાલુ રહે, જેના પાવર યોગે પંચેંદ્રિય જીવોના જાન પણ જોખમમાં મુકાય, તેવી કાયમી પાપપ્રવૃત્તિથી ઘેરાયેલી વસ્તુને શ્રી જિનમંદિરમાં દાખલ નહિ કરવાનો અભિપ્રાય આપનાર સાધુપુરુષને - ''૧. બનાવટી વીજળી માટે તમે શું વાંચ્યું છે? ૨. કેટલા પ્રયોગ કર્યા છે?'' આવા પ્રશ્નો પૂછવા, એ શું ઉન્મત્ત મનોદશા નથી? એક પંચમહાવ્રતધારી સાધુપુરુષને પ્રયોગ કરવાનું પૂછવું, એ અજ્ઞાનતા, યા સાધુપણાની મશ્કરી એટલે અનંતજ્ઞાનીની આજ્ઞા પ્રત્યેની અવગણના સિવાય બીજું શું છે? આવા છાકટા પ્રશ્નો પૂછનારે સમજવું જોઈએ કે - આરંભ અને સમારંભ વિગેરેના અખતરા રસપૂર્વક કરવા, કરાવવા અને પાછા એને ધર્મ તરીકે મનાવવા, - એ કામ તો બહુલસંસારી આત્માઓનું જ હોઈ શકે છે : પણ સાધુપુરુષોનું તો નહિ જ. 'વીજળી એ ફોર્સ છે, અજીવ છે' - આટલું સાંભળવા માત્રથી જ એક સાધુપરુષ ઉપર ઊભા થઈ જવાનો આરોપ મૂકવો અને 'જ્યાં જ્યાં પ્રકાશ હોય ત્યાં ત્યાં જીવ હોય એમ વ્યાપ્તિ કરો છો?' આટલા જ પ્રશ્ન માત્રથી એક સાધુપુરુષ ઉપર પાછા હઠી જવાનો અને 'અધર્મી, નાસ્તિક, વક્ર, જડ વિગેરે વાક્યરચના' કરવાનો આક્ષેપ કરવો, - એ શું તેમ કરનારની જ બુદ્ધિનું લીલામ નથી? ખરેખર, આવી જાતના આત્માઓ સમાજમાં ભયંકર ચેપીરોગ જેવા માણસો છે.

સાધુપુરુષના ઉપર ઊભા થઈ જવાનો, પાછા હઠી જવાનો અને વગર કારણે 'અધર્મી, નાસ્તિક, વક્ર, જડ' આવી વાક્યરચના કરવાનો આરોપ મૂકનારને આપણે પૂછી શકીએ છીએ કે - 'શ્રી જૈનશાસ્ત્રોના આધારે ફોર્સમાત્રને અજીવ તરીકે સાબિત કરવાને તથા 'જ્યાં જ્યાં ફોર્સથી પ્રકાશ થાય, ત્યાં ત્યાં જીવ ન જ હોય' - આવી જાતની વ્યાપ્તિ છે એમ પૂરવાર કરવાને તે તૈયાર છે? સંઘર્ષમાત્રથી ઉત્પન્ન થતા ફોર્સમાત્રને તે નિર્જીવ તરીકે સાબિત કરવાની તૈયારી ધરાવે છે? સૂર્યકિરણો અને સૂર્યકાન્તમણિના યોગથી ઉત્પન્ન થતા, અરણિના કાષ્ટો અને પથ્થરો વિગેરે પરસ્પર

અથડાવાથી ઉત્પન્ન થતા અગ્નિને તથા ચંદ્રકિરણો અને ચંદ્રકાન્તમણિના યોગે ઉત્પન્ન થતા પાણીને પણ તે નિર્જીવ તરીકે સિદ્ધ કરી શકે છે?' આવી જાતના અનેક પ્રશ્નો ઊભા કરી શકાય તેમ હોવા છતાં-'માત્ર સામાન્ય વાતથી એક સાધુ ઊભા થઈ ગયા અને નહિ જેવા પ્રશ્નોથી પાછા હઠી ગયા, અને 'અધર્મી, નાસ્તિક, વક્ર, જડ' આવી આવી વાક્યરચના કરવા મંડી ગયા' એમ લખીને પૂજ્ય સાધુપુરુષોને ઉતારી પાડવાના દિવસો હવે વહી ગયા છે. સત્ત્વ અને પ્રમાણિકતા હોય તો એવાઓ જાહેર સભાઓમાં આવીને પોતાની માન્યાતાઓ સિદ્ધ કરી શકે છે. બાકી 'ઘરશૂરા'ની માફક યથેચ્છ લખી બોલીને વિદ્વત્તાના લહાવા લૂંટવા, એમાં નામના નથી પણ નામનાનાં લીલામ છે. અસ્તુ. એવાઓ સાથે આપણને તો કશું જ લાગતું વળગતું નથી, પણ એવાઓ જ્યારે પભુશાસનના નામે ઊલટી વાતો કરે, ત્યારે યોગ્ય ખુલાસા કરવાની આપણી ફરજ થઈ પડે છે અને એ ફરજને આધારે જ આટલું કહેવું પડે છે અને વધુમાં જો તેઓ થોડા પણ આત્મહિતના અર્થી હોય, તો આપણે કહીએ છીએ કે-આપમતિ છોડી, આગમમતિ સ્વીકારો!

કારણ કે-આપમતિ એ આત્મનાશક મતિ છે, ત્યારે આગમમતિ એ આત્મહિતકર મતિ છે. પણ આગમમતિનો અસ્વીકાર કરવા, તેવાઓમાંના કોઈ કોઈએ એક તુક્કો શોધી કાઢ્યો છે કે-'જો શ્રી જિનેશ્વરદેવો અનંતજ્ઞાની હતા, તો તેઓએ સંસાર આદિનો પ્રારંભ તથા અંત કેમ ન બતાવ્યો?' પણ તે અક્કલના ઠેકેદારો એટલું પણ નથી સમજી શકતા કે-અનંતજ્ઞાની આત્માઓ પણ વસ્તુ જે સ્વરૂપે હોય, તે જ સ્વરૂપે બતાવે કે વિપરીત સ્વરૂપે બતાવે? જેની આદિ કે અંત હોય નહિ, તેની આદિ અને અંત શી રીતિએ બતાવે? અનાદિ અને અનંત વસ્તુને અનાદિ કે અનંત તરીકે બતાવવામાં આવે, એ પણ બુદ્ધિના મદે ચઢેલાઓથી ન ખમાય, ત્યાં એ બીચારાઓનું કેમ ભલું થાય? પોતાની બુદ્ધિમત્તા બતાવવા માટે ખોટા ખોટા તુક્કાઓ ઊભા કરવા, એ ભયંકર મૂર્ખાઈ છે.

કોઈ આદમી ચૂડી લઈને એની શરૂઆત અને એનો છેડો પૂછે તો કહેવું જ પડે કે-'અખંડ ઉતારેલી ચૂડીની શરૂઆત પણ ન હોય અને છેડો પણ ન હોય' આ છતાં પણ તે ન જ માને તો તેની મૂર્ખતા ઉપર દયા ખાવા સિવાય બીજું શું કરી શકાય? તેમ જે સંસાર વિગેરે અનાદિ અને અનંત છે, તેની આદિ અને અંત જ્ઞાની પુરુષો પણ ક્યાંથી બતાવે? ખરેખર, સત્યના અર્થી આત્માઓ જ્યારે સત્યશાસ્ત્રોને અનુસરતી પોતાની મતિ બનાવે છે, ત્યારે સત્યથી બેપરવા બનેલા દુરાગ્રહી આત્માઓ આગમને પોતાની મતિ મુજબનું બનાવવા માગે છે. આ જ કારણે તેવા દુરાગ્રહી આત્માઓ વસ્તુતત્ત્વને પામી શકતા નથી.

પોતાની જ મતિની મોરલી ઉપર નાચનારાઓ તો અરણ્યમાં પણ માર્ગદર્શક ભીલની સાથે આ માર્ગ ખરો અને આ માર્ગ કેમ ખરો નહિ?-આવી ચર્ચા કરે તેવા છે. 'घृताधारे पात्रं' કે 'पात्राधारे धृतं' ની પરીક્ષા કરવા માટે ઘીથી ભરેલાં પાત્રો ઊંધાં વાળવાની ક્રિયા કરવામાં આનંદ માનનારા જેવા છે: અને સામેથી ધસી આવતા હાથીથી બચવા માટે ખસી જવાનું કહેનારાઓ સાથે-'આ હાથી જે એને અડકેલો હોય તેને મારે કે ન અડકેલો હોય તેને મારે? જો અડકેલો હોય તેને મારે તો એના ઉપર બેઠેલા એના મહાવતને કેમ ન મારે? અને નહિ અડકેલાને મારે તો બધાને જ કેમ ન મારે?'-આવી આવી અર્થ વિનાની ચર્ચા કરવામાં કર્ત્તવ્ય માનનારા જેવા છે.

*(ક્રમશઃ)*

---

દેવાધિદેવ શ્રી આદિનાથાય નમઃ

નમો નમઃ શ્રી ગુરુ પ્રેમસૂરયે || નમો નમઃ શ્રી ગુરુ રામચન્દ્રસૂરયે

## પ્રવચન પ્રદીપ પૂજ્ય આચાર્ય ભગવંત
## શ્રી પુણ્યપાળસૂરીશ્વરજી મહારાજા ગચ્છાધિપતિપદે સ્થાપિત થયા.

**શ્રી સિદ્ધગિરિ મહાતીર્થે પાલીતાણા નંદપ્રભા ધર્મશાળા મધ્યે વર્ધમાનતપોનિધિ ગચ્છસ્થવિર શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં એકત્રિત થયેલા તપાગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના પાલિતાણા સ્થિત સર્વ પૂજ્ય આચાર્ય ભગવંતોએ સર્વાનુમતે સમુદાયના ગચ્છાધિપતિપદે પ્રવચન પ્રદીપ પૂજ્ય આચાર્યદેવ શ્રી પુણ્યપાળસૂરીશ્વરજી મહારાજાને જાહેર કર્યા હતા.**

**વિ.સં. ૨૦૬૭ના ફાગણ વદ ૧૦ મે સવારે ૫-૪૫ના શુભ સમયે ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં આ ઉદ્ઘોષણા કરવામાં આવી ત્યારે સમુદાયની ગચ્છ વ્યવસ્થા અંગે પણ બીજી કેટલીક અગત્યની જાહેરાત કરવામાં આવી હતી.**

# અવંતિરાજ શ્રી સમરાદિત્યનું ચરિત્ર

**(અપ્રગટ પ્રવચનો)**

**(અવતરણકાર - સ્વ. પૂ. આ. ભ. શ્રી જિતમૃગાંક સૂ.મ.)**

- **ધનને પિતા કહે છે કે – વત્સ ! ધન અસાર ન લાગે ત્યાં સુધી સાધુ થવાની ઈચ્છા સાચી નહિ પણ ખોટી છે.**
- **ધન પિતાજીને કહે છે કે – પિતાજી ! યૌવન એટલે શું ? સંસારમાં કોઈ બાળ નથી, યુવાન નથી કે વૃદ્ધ નથી – બધા સમાન વયવાળા છે.**
- **સુખ ભોગવવા સ્વર્ગ, દુઃખ ભોગવવા નરક, ભટકવા માટે તિર્યંચ, ચારિત્ર પામવા માટે મનુષ્યપણું છે. જેનું ધ્યેય ચારિત્ર નહિ તેને મનુષ્યભવ વધુ નુકસાન કરનારો છે; કારણ કે ભટકવાની મૂડી અહીં એ વધારે ભેગી કરવાના.**
- **પાપ કરવા કરતાં પણ પાપની યોજના કરવામાં ભયંકર કર્મ બંધાય છે.**
- **સંસારના પદાર્થો ઉપર રુચિ–અરુચિ ઉદયભાવથી થાય છે, ધર્મ કે ધર્મના સાધનો ઉપર રુચિ ક્ષયોપશમભાવને આભારી છે.**

## (૬૨)

અનંત ઉપકારી **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી સમરાદિત્ય મહાકથામાં** શ્રેષ્ઠિપુત્ર **ધન** તરીકેના ચોથા ભવની વાત કરી રહ્યા છે. પૂર્વભવોમાં જે સારા સંસ્કાર પડેલા તેને યોગે ધનના ચોથા ભવમાં આપણે જોયું કે -સંસારના સુખમાં તે મુંઝાતો નથી. સ્ત્રી ખરાબ મળી તો તે વિષયમાં દુઃખ નથી અને ગરુ મળ્યા તો તરત જ તેમની પાસેથી નિર્વેદનું કારણ સાંભળીને સાધુપણું લેવાની ઈચ્છા થઈ. ગુરુને વિનંતી કરી કે હું મારા માતાપિતાને જણાવીને આવું છું. ઘરે આવી માતાપિતાને ગુરુએ કહેલી વાત બધી સંભળાવી. તે સાંભળી માતાપિતા પણ સંસાર છોડી સાધુપણું લેવા તૈયાર થયા. ધનને ઘરની બધી સંપત્તિ સોંપી તેના ઉપર ઘરનો ભાર મૂકવાનો પોતાનો ઈરાદો જણાવ્યો. ત્યારે આપણે જોઈ ગયા કે **ધને** પણ કહ્યું કે 'મને પણ અનુમતિ આપો. હું પણ આપની સાથે જ સાધુ થવા ઈચ્છું છું.'

માતા પિતા **ધનને** અનુમતિ આપતાં પહેલાં કહે છે કે -'ભાઈ! તું હજી યુવાન છે. એ વયમાં તને વ્રત લેવું કઠિન પડશે. ધનનો મોહ તને નથી. અને ધન રાખવા યોગ્ય નથી, અસાર છે, એ વાત તારી બધી સાચી, તને ગમી તેથી આનંદ, પણ આ વય તારી એવી છે કે એ વયમાં કામાદિ બહુ દુર્જેય હોય છે. તેથી વિષયો તરફ મન ખેંચાય એ સંભવિત છે. ધન અસાર ન લાગે ત્યાં સુધી સાધુ થવાની ઈચ્છા સાચી નહિ પણ ખોટી છે. માતાપિતાની આ ચિંતા વ્યાજબી હતી. વિરાગના વાતાવરણમાં આવા વિચારો ન આવે પણ વિરાગ નરમ પડે ત્યાં આવી વૃત્તિઓ જોર કરી જાય માટે તેને બરાબર વિચારવાની તક આપવી જોઈએ.

**ધન** આ સાંભળીને કહે છે કે 'પિતાજી! યૌવન એટલે શું? સંસારમાં કોઈ બાળ નથી, યુવાન નથી કે વૃદ્ધ નથી-બધા સમાન વયવાળા છે. આ જન્મમાં ફેરફાર હોય પણ સંસારમાં તો બધા સમાન જ છે ને?' બધા બાળક બેવકૂફ હોય, યુવાન ખરાબ હોય અને વૃદ્ધો સારા જ હોય એવું નથી. ઘણાં બાળકો બહુ સમજદાર હોય છે અને વૃદ્ધો કરતાં પણ ડાહ્યા હોય છે. ઘણાં વૃદ્ધો બાળક કરતાં પણ મૂર્ખ હોઈ શકે છે. યુવાન પણ ઘણાંય સારા હોય છે-એટલે **ધન** માબાપને કહે છે કે 'પિતાજી! યૌવન એટલે શું?' શાસ્ત્રોમાં તો લખ્યું છે કે અવિવેકને છોડીને કોઈ યુવાન નથી. સંસાર સૌ વયવાળા માટે નુકસાનકારી છે અને સંયમ સૌ વયવાળા માટે લાભકારી છે. વયથી બુઢ્ઢો પણ અવિવેકી હોય તો તે યુવાનની જેવો થઈને ફરે છે. અવિવેકના કાળમાં ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ આદિ બધું અધિક અધિક હોય છે. જેનામાંથી અવિવેક ચાલ્યો જાય તે બાળક હોય તો પણ વૃદ્ધ છે. વિષય-કષાય સારા લાગે તેનું નામ અવિવેક-જૂઠાને સાચો અને સાચાને અહિત કરનારો માનવો તેનું નામ અવિવેક. બૂરૂં કામ કોણ કરે? અવિવેકી. જગતમાં અવિવેકી શું નથી કરતો? તમારા પાસે શક્તિ છતાં સારૂં કામ નથી થતું તેનું કારણ શું? અવિવેક જ સમજો. પતિત થયેલાં **નંદીષેણને** માટે વેશ્યા ઉપર છાયા કેવી છે? એ ચાલ્યો ન જાય તેની ખાતર કુળવધૂની જેમ એની ચિંતા કરે છે. કેમકે એ વિવેકી છે.



G:/2011/JINVANI-11/JINVANI-11-9-MAY

પુત્રની દલીલો સાંભળી મા-બાપ સ્થિર થઈ ગયાં. પુત્રને કહે છે કે - ખરી વાત છે. સર્વજીવ અનાદિકાળથી છે માટે પરમાર્થથી કોઈ બાળ નથી અને કોઈ વૃદ્ધ નથી. (તમને આ સમજ છે? અનાદિકાળથી આ જીવ સંસારમાં રખડે છે, એવી ખબર છે? તમે કેવા છો? યુવાન કે વૃદ્ધ? અવિવેકના યોગે ઘણા જીવ એવા હોય છે કે મરવાની નજીક પહોંચ્યા હોય છતાં વિષયની ઈચ્છા ઘણી હોય છે અને ન કરવા લાયક કાર્યો કરે છે. ઘણાં વૃદ્ધોને પણ વિષયવાસના ભરી પડી હોય છે, એ અવિવેકનો પ્રતાપ છે. યુવકોને પણ શરમાવે એવા કાર્યો એ કરે છે. કામાદિકને આધીન બની ગયેલા અવિવેકના કારણે લોકનિંદાને પણ ગણતા નથી. કોઈને મોઢું દેખાડવા લાયક ન રહે એવાં પણ કામો કરે છે. હૃદયની મલિનતાના યોગે ઘણાં વૃદ્ધો અમુક દ્રવ્યોના સંયોગથી ધોળા વાળને પણ કાળા બનાવવાના પ્રયત્ન કરે છે. ખાવાપીવામાં એની ઈન્દ્રિયો પાગલ બની જાય છે - વિવેક હોય તો એવું ન બને. હૃદયની મલિનતા ન હોય તો ધોળા વાળને કાળા કરવાની શી જરૂર? શરીરને મજબૂત કરવા ભસ્મો ખાય છે, રસાયણો લે છે અને પછી કામમાં પાગલ બને છે. પોતાની ઉંમર હોય તેનાથી ઓછી બોલે - જાણે વધારે ન બોલવાથી મરણ મોડું આવતુ હશે?'

માટે આ બધી વાતમાં ભૂતકાળની આરાધનાથી થયેલો વિવેક જ કામ કરે છે. અહીં બેઠેલામાં ઘણાં બુઢ્ઢા હશે! તેમને હજી ધર્મ કરવાનું દિલ થતું નથી. શું કારણ? કાલ કાલ કરે, તો એની કાલ ક્યારે આવે? મરતાં સુધીમાં આવે? આજે ઘણાં માણસો એવી અનીતિથી પેટ ભરે છે કે કાગડા કૂતરા પણ એ રીતે નથી ભરતા - આજે તમને એવા ગુરુ મળ્યા છે કે જેમણે ચારે ગતિમાં જવાના કારણોનો અભ્યાસ કર્યો છે અને જીવિતને વિજળી જેવું ચંચળ માનીને, તેની ખાતર કોઈ પણ પાપ કરતા નથી. વિષય સુખોને અસાર માને છે. પ્રમાદની ચેષ્ટાને ભયંકર વિપાક આપનારી માને છે. મરણનો ભય હરણીયાઓને ઘણો હોય છે. તમે જોયો છે? સંસારનો એવો ભય લાગવાથી વિરાગ આવે છે. તેવા વિરાગી માટે યૌવનનો ભય ખોટો છે. ઈંદ્રિયોને અહીં ન દમે તો પરલોકમાં બહુ કડવા વિપાક ભોગવવા પડે છે, એમ વિવેકી આત્મા સમજે છે. તમે બધા આવા સમજદાર યુવકો છો? ઇંદ્રિયોને અહીં નહિ દમો તો દુર્ગતિમાં ફરજીયાત દમશો. જેમને ઈન્દ્રિયો પર કાબૂ હોય છે તેને અહીં પણ કેટલી શાન્તિ હોય છે? જે લોકો ભવપરંપરાથી ભય પામીને મોક્ષસુખને જાણે, તે હવે કોણ એવા હોય કે જે ઇન્દ્રિયોને ન દમે? જે અનાર્ય સંકલ્પોને છોડી દે છે, ભગવાનના વચનોમાં જેને પ્રતીતિ હોય, ગુરુપાદમૂળમાં જે રહેનારો અને વિચરનારો હોય, તેને યૌવન શું કરવાનું છે? તેને વિષયોમાં આકર્ષણ પણ શું છે? ગમે તેવી ખાવાની ચીજ સારામાં સારી પણ મોંમાં ગયા પછી કેવી થઈ જાય છે? પુદ્ગલના રૂપ-રસ-વર્ણ-ગંધ-સ્પર્શ શુભના અશુભ અને અશુભના શુભ થઈ જાય છે. તેનો સંયોગ અને તેની પાછળ જ વિયોગ-એ બધું સાથે જ છે, માટે એમાં ફસાવા જેવું શું છે? આ બધું સમજાયું હોય તેને વિષયો શું કરવાના છે? આપની કૃપા જ મને સંયમમાં નિર્વિઘ્ન બનાવશે.

માતાપિતા સમજી ગયા કે આનામાં જરાય વાંધો આવે તેમ નથી. માટે ચાલો બધાય સાથે સંયમ લઈ લઈએ. હવે શું કરે? બોલો! પહેલું શું આવે? દાન. (તમારે માટે દાનનો કોઈ મોકો આવે છે? ભગવાનની ભક્તિમાં જાય, સાધર્મિક ભક્તિમાં જાય એ બધું દાન જ કહેવાય.) (પાપવાસનાવાળા જીવો સારી ચીજોને પણ બગાડનારા હોય છે માટે તેમની વાત બાજુએ રાખો) ત્રણેએ દાન દેવા માંડ્યું. માબાપ અને દીકરો ત્રણે નીકળી જાય છે.

હવે ધન વગેરે એ ત્રણેની દીક્ષા કરવાની છે. તે આજે નહિ, આવતી કાલે, યથાવસરે.......

## (૬૩)

અનંત ઉપકારી **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી સમરાદિત્ય**ના ચોથા ભવમાં શ્રેષ્ઠિપુત્ર **શ્રી ધન**ની વાતમાં ફરમાવે છે કે જુઓ! **ધન**માં યોગ્યતા કેટલી હતી? તરત ગુરુને કહે છે કે - **'ભગવંત!** મારે જે કરવા લાયક હોય તે આપ ફરમાવો.' ગુરુએ 'ચરણ ધર્મના પરિણામની સામગ્રી બહુ દુર્લભ છે' એમ સમજાવ્યું, આથી એજ કરવા યોગ્ય છે એમ નક્કી કરીને માતાપિતા પાસે આવે છે અને બધી વાત કરે છે જે સાંભળી માતાપિતાને પણ વૈરાગ્ય થયો.

જીવને એક પુદ્ગલ પરાવર્તથી કાંઈક ન્યૂન સંસારકાળ બાકી હોય ત્યારે કોઈ કોઈ જીવોને અપુનર્બંધક દશા પ્રાપ્ત થાય છે અને કર્મોનું જોર ઢીલું પડી જાય છે. આ જીવો તેવી દશામાં આવ્યા હશે તેમ કહી શકાય. **ધન**ને ઘરનો ભાર સોંપી માતાપિતા સાધુ થવા તૈયાર થઈ ગયા. માતાપિતાને પ્રતિબોધ થઈ જવાથી **ધન**ને આનંદ થયો પણ પોતાના માટે ઘર સંભાળવાની વાત અંગે તે કહે છે કે **'પિતાજી!** આપ હીરા માણેક મોતી વગેરે ઉત્તમ સંપત્તિ મને સંભાળવાનું કહો છો પણ તેમાં ઉત્તમતા શી છે?' આજે તમને ધન જેટલું સારૂં લાગે છે એટલો

પરોપકાર કરવો સારો લાગે છે? પરોપકાર આગળ ધનની શી કિંમત છે? પણ આજે તો કેટલાક એવા છે કે ધન માટેજાત મૂકવા પણ તૈયાર છે. માતાપિતાના દિલમાં ધનની ઉત્તમતા બેઠી હતી તે **ધને** કઢાવી નાંખી. પછી માતાપિતાએ **ધન**ને કહ્યું કે તારી ભાવના ઉત્તમ છે પણ તારી વય યુવાન છે. ત્યારે આ વાતનો પણ એણે જવાબ આપ્યો. એણે શું કહ્યું, તે વાત આપણે કાલે કરી હતી. એણે કહ્યું હતું કે વિવેક એટલે 'હેય-ઉપાદેયનું ભાન', એ ન હોય તે અવિવેક છે. વિવેક જેને હોય ત્યાં વયનો વિચાર કરવાની જરૂર નથી. સંસારમાં અવિવેક એજ યૌવન છે.

સંસારમાં અનંતાનંત જીવો અનાદિકાળથી છે માટે સૌની ઉંમર સરખી છે. કોઈ બાળ નથી, કોઈ યુવાન નથી, કોઈ વૃદ્ધ નથી. આ જન્મની અપેક્ષાએ બાળ, યુવાન કે વૃદ્ધનો વિચાર થાય છે. તો તેમાં સારો કોણ? ભલે વૃદ્ધ હોય પણ વિવેક ન હોય, પરલોકની ચિંતા ન હોય, લોકને અવગણીને પણ પાપ કરનારો હોય, વિષયોમાં આસક્ત હોય, વિષયભોગ ખાતર ધોળા વાળને કાળા કરનારો હોય, રસાયણો ખાઈને શરીરને પુષ્ટ બનાવનારો હોય, કોઈ ઉંમર પૂછે તો ઓછી બતાવીને પોતાની જાતને નાની બતાવનારો હોય, આવો વૃદ્ધ હોય તો પણ સારો નથી. જ્યારે નાની ઉંમરવાળો પણ વિવેકી હોય તો તે સારો ગણાય. તમારા ઘરમાં નાની ઉંમરમાં કોઈ સાધુ ન થાય તો નવાઈ કે થાય તો નવાઈ? ધર્મી કુળમાંથી સાધુ થાય તો તેમાં નવાઈ શી? નથી થતા એજ આશ્ચર્ય છે. વિવેક હોય તો હર ઉંમરમાં ધર્મી થઈ શકે છે.

ધનની આ બધી વાત સાંભળી માતાપિતા શાંત થઈ ગયા. સૌએ સાથે સાધુ થવાનું નક્કી થયું. દાન દેવાની શરૂઆત થઈ ગઈ. મંદિરોમાં મહોત્સવ ચાલુ થયા. ચારિત્ર એ મનુષ્યપણાની કમાણી છે. સુખ ભોગવવા સ્વર્ગ, દુઃખ ભોગવવા નરક, ભટકવા માટે તિર્યંચ, ચારિત્ર પામવા માટે મનુષ્યપણું છે. જેનું ધ્યેય ચારિત્ર નહિ તેવાનો મનુષ્યભવ વિશેષ નુકસાન કરનારો છે. કારણ કે ભટકવાની મૂડી અહીંથી એ વધારે ભેગી કરવાના. ચારિત્ર એ મોક્ષનું અસાધારણ કારણ છે. મનુષ્ય ભવમાં જ એ મળે છે. તમે ન લઈ શકો તે જુદી વાત પણ આ વાત ધ્યાનમાં તો રહેવી જોઈએ. સારી રીતે મહોત્સવ આદિ કરી વરઘોડાપૂર્વક સૌ ગુરુ ભગવંત પાસે ગયા. અને ઘણા પરિવારની સાથે સૌએ દીક્ષા લીધી. આવા આત્માઓ સંયમ લીધા પછી તેમાં દોષ લગાડતા નથી અને ખૂબ સુંદર એવી આરાધનામાં આગળ વધે છે.

હવે આપણે પૂર્વભવનો વૈરી **અગ્નિશર્મા** જે હાલ **ધનશ્રી** તરીકે આ ભવમાં ઉત્પન્ન થયો છે તેની વાત કરીએ. એને તો **ધન** એના પ્રત્યે ગમે તેટલું સારૂં વર્તન રાખે તો પણ ઊંધું જ લાગે છે. એના પ્રત્યેનો દ્વેષ એના હૈયામાંથી ખસતો જ નથી. ઘોર તપના બદલામાં ભવોભવ આને મારનારો થાઉં એવું નિયાણું એણે કરેલું છે. એટલે દરેક ભવમાં ભેગો થઈ આજ કામ એને કરવાનું છે. આ ભવમાં કાર્મણ કર્યું પણ મર્યો નહિ, તો દરિયામાં ધકેલી દીધો. તે છતાં ભાગ્યયોગે બચી ગયો. હવે તો મુનિપણામાં સુંદર આરાધના કરી **ધનમુનિ** ગીતાર્થ બન્યા. એકાકીપણે વિહારની પણ યોગ્યતા આવી. તપ સ્વાધ્યાય આદિ નિરંતર કરતા હશે ત્યારે જ એ લાયકાત આવી હશે ને? જ્યાં જ્યાં આરાધકોની વાત આવે છે ત્યાં અભ્યંતર તપ સાથે બાહ્યતપની પણ આરાધનાની વાત હોય છે. એટલે એ મહાત્માઓ બન્ને પ્રકારના તપ ઉપર અત્યંત રુચિ ધરાવતા. આજે મોટા ભાગે એવી માન્યતા થઈ ગઈ છે કે સ્વાધ્યાય કરનારને બાહ્યતપની બહુ જરૂર નહિ. આવી માન્યતા પાકી થઈ જાય તો મિથ્યાત્ત્વ આવી જતાં વાર નહિ લાગે. આ મહાપુરુષો તો જ્ઞાન પણ ખૂબ ભણતા અને સાથે તપ પણ ખૂબ કરતા. **ધનમુનિ** દીક્ષા પછી સૂત્ર અભ્યાસ, ક્રિયાકલાપનો અભ્યાસ અને ભાવનાથી પણ ખૂબ ભાવિત થયા. જ્ઞાન-વૈરાગ્યની માત્રા એટલી વધી ગઈ કે ગુરુએ એકાકી વિહારની આજ્ઞા આપી. રોજ સાત પ્રહર ધ્યાનમાં રહેવાનું અને કષ્ટ સહન કરવાનું. આથી સહનશીલતા એટલી વધી ગઈ કે ઘોર ઉપસર્ગમાં પણ સમાધિમાં રહ્યા.

**ધનમુનિ** ક્રમસર વિહાર કરતા કરતા અન્યદા **કૌશામ્બી** નગરીમાં પધાર્યા. અહીં પેલી **ધનશ્રી ધનની** બધી મિલકત પચાવી **નંદક** સાથે રહેતી હતી. **નંદક**ને તેણે પતિ બનાવ્યો હતો. બન્ને પતિ-પત્ની તરીકે રહ્યા છે. **ધનમુનિ** ભિક્ષાર્થે ફરતા ફરતા ભવિતવ્યતાએ **ધનશ્રી**ના ઘરે જ પધાર્યા. **ધનશ્રી**એ તરત ઓળખી લીધા. વિચાર કરે છે કે અરે! આને તો મેં દરિયામાં ધકેલી દીધો હતો તે પાછો જીવતો ક્યાંથી રહી ગયો? મારી અધન્યતા છે કે આ પાછો જીવતો અહીં આવ્યો. હવે મારે એવું કરવું જોઈએ કે એ જીવતો ન રહે. તે ઘરમાં અંદર ગઈ. મહાત્મા તો જોગ નથી સમજી બહાર નીકળી ગયા. આને થયું કે એણે મને ઓળખી લીધી લાગે છે. દાસીને તરત મોકલી કે સાધુ ક્યાં જાય છે તે જોઈ આવ. દાસી પાછળ પાછળ ગઈ. મુનિ તો ભિક્ષાકાળ વીતી જવાથી પાછા વળી ગયા અને નગર બહાર એક દેવીના મંદિર પાસે વૃક્ષ નીચે ધ્યાનમાં ઊભા રહી ગયા. ત્રીજો પ્રહર પૂરો થઈ ગયો હતો. દાસીએ આવી **ધનશ્રી**ને વાત કરી કે આ સ્થળે ધ્યાનમાં ઊભા છે. હવે જુઓ! **મુનિએ ધનશ્રીનું** કાંઈ બગાડ્યું છે? પહેલા ભવમાં થોડી

સ્વાર્થની હાનિ થઈ તેથી નિયાણું કર્યું તેમાં બીજા ભવોમાં કાંઈ પણ બગાડ્યું ન હોય તો પણ વિના કારણ દ્વેષનો અગ્નિ સળગે છે અને મરણાંત કષ્ટ આપે છે.

હવે **નંદક** સાંજે ઘરે આવ્યો ત્યારે ધનશ્રી કહે છે કે તમને ખબર છે ને, એક દિવસ તમારી તબીયત નરમ હતી ત્યારે મેં માનતા નગરદેવીની માની હતી? તેથી વદ આઠમની રાત્રે મારે તે દેવીમંદિરમાં રાત રહેવાનું હતું પણ તે ભુલાઈ ગયું. આજે રાતે સ્વપ્નમાં દેવીએ મને તે કહ્યું. સવારમાં તમે ચાલ્યા ગયા અને એ વાત કરવાની રહી ગઈ. મારે તૈયારી કરીને આજ રાત્રે દેવીના મંદિરમાં રહેવાનું છે. (જુઓ! કેવી માયા કરે છે અને તે પણ પેલાને મારવના ઈરાદે! કહો, કેવું કર્મ બંધાય?) પતિ ભલો હતો. એટલે તેણે બધી તૈયારી કરી દીધી. અને દાસીને સાથે મોકલવાનો પ્રબંધ કર્યો. સામગ્રી બધી તૈયાર કરીને, **ધનશ્રી** દેવીના મંદિરમાં ગઈ. મુનિ **ધન** માટેની જ તેની આ બધી તૈયારી છે. એક એક પગલું એ માટે જ છે. એ બધા સમયમાં પાપનો કેવો બંધ પડ્યો હશે? મુનિ કદાચ ન મરે તો પણ આ તો નરકમાં જ જાય ને? પાપ કરતાં પણ પાપની યોજના કરવામાં ભયંકર કર્મ બંધાય છે. શ્રાવક આજીવિકા માટે વેપાર ધંધો કરે તો પણ કેવી રીતે કરે? પેઢી અને ઘર આદિને પાપસ્થાન માનનારો શ્રાવક ત્યાં બહુ સાવધાનીથી રહે.

હવે **ધનશ્રી** દેવી મંદિરમાં જાય છે. ત્યાં તેને મુનિને મારવાનો ઈરાદો છે તે પાપોદય છે. પણ મારવાની સામગ્રી ક્યાંથી લાવે? પણ એય મળી જાય છે એટલો પુન્યોદય ખરો ને? અન્યાય કરે અને લક્ષ્મી મળે એય પુણ્ય ખરૂં ને? છે પાપાનુબંધી પુન્ય. પાપાનુબંધી પુણ્યથી મળેલી વસ્તુથી સારૂં કામ ન થાય. અહીં **મુનિનો** પાપોદય છે. **ધનશ્રીના** હાથે મૃત્યુ થવાનું છે, માટે જ અહીં આવવાનું થયું છે. સત્ત્વશાળીઓ તો જ્યાં ઉપસર્ગ થવાની સંભાવના હોય ત્યાં પણ તેઓ જાય. એવા પ્રસંગે કર્મનિર્જરા બહુ થાય. **ભગવાન મહાવીરને** કર્મ એવા હતાં કે અનાર્યભૂમિંમા જાય તો જ ખપે. આર્યભૂમિમાં કોઈ એવા કષ્ટ આપે તેવા ન હતા કે જેવા અનાર્યો આપે. આથી ત્યાં ગયા ને?

તપમાં તકલીફ પડે છે પણ કર્મનિર્જરાનું તપ કારણ છે એમ સમજીને તપ કરનારા તપ કરે છે ને? **ધનશ્રી** દેવીના મંદિરમાં **મુનિને** મારવાના ઈરાદે ગઈ છે. એનું કાંઈ દેવીના પૂજનમાં ધ્યાન નથી. હેતુ ખરાબ હોય તો સારૂં કામ કરે તો પણ તે ખરાબ જ છે. અને ખરાબ તો ખરાબ છે જ. ગુસ્સામાં આવી છે, અજ્ઞાનનું જોર છે, દ્વેષ હૈયામાં ભરેલો છે. દેવીના મંદિરમાં પેસતાં મુનિને ત્રાંસી આંખે જોઈ લે છે. દાસી જરા શંકામાં છે. એ જ રાત્રે એક લાકડા ભરેલો ગાડાવાળો તે રસ્તે ગાડું લઈને જતો હતો. ત્યાં ગાડાની ધરી ભાંગી એટલે ગાડું આગળ ચાલે તેમ નથી. તેથી સવારે ગાડું ઠીક કરીને લઈ જઈશ એમ વિચારી ગાડું ત્યાં છોડી બળદ લઈને ગામમાં ગયો. **ધનશ્રીએ** આ જોઈ લીધું એટલે તેને સાધન જોઈતું હતું તે મળી ગયું. **મુનિનો** પાપોદય અને આ પાપાત્માનો પુન્યોદય - રાતના દેવીના મંદિરમાં નોકરો વગેરેને જમાડી સુવાડી દીધા. પોતે જાગતી સૂવે છે. બધાને સૂતેલા જાણી અડધી રાતે ઊઠીને **મુનિ** પાસે જઈ પેલા ગાડાવાળાના લાકડા **મુનિની** ફરતે ગોઠવી દીધા. **મુનિ** ધ્યાનમાં ઊભા હતા. મંદિરમાંથી વધેલું ઘી લાવી લાકડા અને ઝાંખરા-પાંદડા ઉપર છાંટી અગ્નિ સળગાવી દીધો. હવે અગ્નિની જ્વળાઓ લબકારા કરવા માંડી, **મુનિ** તે વખતે કઈ ભાવનામાં ચઢ્યા, તે હવે પછી -

## (૬૪)

અનંત ઉપકારી **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી સમરાદિત્ય** મહાકથામાં ચોથા શ્રેષ્ઠીપુત્ર **શ્રી ધનના** ભવનું વર્ણન કરી રહ્યા છે. આપણે જોઈ ગયા કે તે ધનના ભવમાં અનેક સુખદુઃખના પ્રસંગો આવવા છતાં પૂર્વના ત્રણેય ભવોમાં કરેલી આરાધનાના સંસ્કારના પ્રભાવથી સમાધિ બની રહે છે. એવા આત્માઓ ભલે જૈનકુળમાં ઉત્પન્ન ન થયા હોય પણ નિમિત્ત મળતાં તરત ધર્મ પામતાં વાર લાગતી નથી. ધન સાધુ થયા, સાધુ થયા પછી શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. જ્ઞાન સંપાદન કરી, તપ આદિ કરીને, સંયમનું ખૂબ સારી રીતે પાલન કરી એકાકી વિહારની લાયકાત આવતાં ગુરુમહારાજની આજ્ઞાથી એકાકીપણે વિચરે છે. તે રીતે વિચરતાં વિચરતાં **કૌશામ્બી** નગરીમાં આવ્યાં. આત્માએ ગમે ત્યારે નિકાચિત કર્મો બાંધી લીધા હોય તે ગમે ત્યારે મુક્તિ પામવામાં આડા આવે છે. બીજાને અગ્નિમાં બળતાં પણ સમાધિમાં શુભધ્યાનમાં રહેતાં કેવળ અને મુક્તિ થઈ જાય જ્યારે આમને ગુણોમાં વૃદ્ધિ થાય છે એ બરાબર પણ હજુ કેવળ અને મુક્તિ થતી નથી, કારણ એવા કર્મો હજી અંદર પડેલા હશે!

તેજ નગરમાં **ધનશ્રી નંદક** સાથે, **ધનની** બધી મિલકત હસ્તગત કરીને પત્ની તરીકે રહી હતી. તેના ઘરે જ ભિક્ષાચર્યાએ ગયેલા મુનિને જોતાં જ ઓળખી લીધા અને હૈયામાં દ્વેષ ભાવ ઝબકી ગયો. જીવનો રુચિ-અરુચિભાવ એવો થઈ ગયો હોય છે કે તેવા તેવા પ્રસંગોમાં ઈષ્ટમાં રુચિ અને અનિષ્ટમાં અરુચિ તરત

થઈ જાય છે. માટે સંસારમાં કોઈને કોઈ જીવની ઉપર અંતરમાં જો અરુચિભાવ આવી ગયો તો ભવાંતરમાં પણ એવી સ્થિતિ ઊભી થઈ જાય છે. ખરાબ વિચાર ભવોભવ પીડે છે માટે બહુ સાવધ રહેવા જેવું છે. **ધનમુનિ**ને જોતાં જ **ધનશ્રી**ને એમને મારી નાંખવાનો વિચાર આવ્યો. સારી ચીજ પણ પાપોદયે નુકસાન કરે છે અને બૂરી ચીજ પણ પુન્યોદય હોય તો બૂરૂં કરી શકતી નથી. તો પછી સારી ચીજ ઉપર રુચિ અને બૂરી ચીજ ઉપર અરુચિ શા માટે કરવી? સંસારના પદાર્થો ઉપર રુચિ-અરુચિ ઉદયભાવથી થાય છે. ધર્મ કે ધર્મના સાધનો ઉપર રુચિ ક્ષયોપશમભાવને આભારી છે.

ગાઢ મિથ્યાત્વના કાળમાં જેટલા ગુણો તે બધા દોષોનું કામ કરનારા છે અને મંદમિથ્યાત્વના કાળમાં દોષ હોય તે પણ ગુણનું કામ કરે છે. હવે આપણે એ જોયું કે મુનિને જોતાં જ **ધનશ્રી**ને તેમને મારી નાંખવાની ઈચ્છા થઈ. તેને થયું કે મુનિ મને ઓળખી ગયા છે, તો મારો કાંઈ પણ અનર્થ કરે તે પહેલાં હું તેમને પતાવી દઉં. આમ વિચારી દાસીને મુનિની પાછળ જોવા મોકલે છે કે તેઓ ક્યાં જાય છે અને ક્યાં રોકાય છે! દાસી તે સ્થાન જોઈને પાછી આવી અને કહ્યું કે 'નગરની બહાર નગરદેવીના મંદિર પાસે ઉદ્યાનમાં એક ઝાડ નીચે ધ્યાનમાં ઊભા છે.' હવે આ કામ પાર પાડવા માયા સેવવાનો ઉપાય વિચારે છે. સંસારી જીવને આવા કામમાં અભ્યાસ કરવો પડતો નથી. પતિની આગળ દેવીની માનતાની વાત કરી દેવીપૂજનની સામગ્રી તૈયાર કરાવી. સાંજે દેવીના મંદિરમાં પહોંચી અને રાત ત્યાં રહી. એવામાં સાંજે એક કાષ્ટ ભરેલું ગાડું ત્યાંથી નીકળ્યું. મુનિના નજીકમાં જ ગાડાની ધરી ભાંગી. ગાડાવાળો ત્યાંજ ગાડું મૂકી બળદ લઈ ગામમાં ગયો. સવારે ગાડું સમું કરાવી લઈ જવાનો વિચાર કર્યો. **ધનશ્રી**ને સાધન મળી ગયું. મુનિને મારવા છે પણ સાધનની ચિંતા હતી. સાધન મળી ગયું. મુનિનો પાપનો ઉદય અને પાપાત્માનો પુન્યનો ઉદય. મુનિને દુઃખી કરીને મારવા છે. સળગાવીને મારવાની ઈચ્છા કેમ થઈ? પૂર્વનો વૈરાનુબંધ તો ખરો પણ બીજા ઘણાં ઘણાં દોષોનો અનુબંધ છે. સામગ્રી મળવાથી **ધનશ્રી**ને મનમાં થયું કે ઠીક થઈ ગયું.

પાપ કરવાથી મારી દુર્ગતિ થશે એવી ચિંતા એ સ્વદયા છે. આવી સ્વદયા આપણામાં પેદા થઈ ગઈ છે? આપણે પાપ કરીએ છીએ તો તેનું ફળ શું મળશે? દુર્ગતિ. તો એ જાણીને આત્માની દયા આવે કે ત્યાં મારૂં શું થશે? જેને પોતાની દયા ન આવે એને બીજાની વાસ્તવિક દયા આવતી નથી. જેને પોતાની દયા આવે તેને બીજાની દયા આવે. પરોપકાર કરવામાં સ્વદયા છે. દાન દેવામાં બીજાની દયા પછી પણ પહેલા પોતાની મૂર્છા ઊતરે અને પરિગ્રહનો બોજો ઘટે એ પોતાની દયા પહેલી છે. મુનિનો યોગ સામાન્ય રીતે જેને મળે તે પુન્યોદય પણ આને એકદમ પાપોદયનું કારણ બન્યું છે તેથી ઉપચારથી કોઈ પાપ બોલે તે જુદી વાત. કાષ્ટનું ગાડું જોઈ રાજી થઈ-દેવીના મંદિરમાં પૂજા, ખાવુંપીવું બધું પતાવી સૌને સુવાડી દીધા પોતે પણ ઢોંગ કરી સૂઈ ગઈ. બધા સૂઈ ગયા એટલે રાત્રે જાગી મુનિ પાસે પોતાનું કામ કરવા ગઈ. મુનિની આસપાસ લાકડાની ચિતા ગોઠવી. મુનિને શું થાય છે તે કાંઈ ખબર નથી. આર્તધ્યાન રૌદ્રધ્યાનમાં ચડેલા માણસોને આજુબાજુમાં શું થાય છે તેની ખબર નથી, તેમ ધર્મધ્યાન શુક્લધ્યાનમાં ચડેલાને પણ આજુબાજુમાં શું થાય છે તે ખબર નથી હોતી.

**ધનશ્રી**એ અગ્નિ સળગાવ્યો. જ્વાળાઓ ઊઠી. મુનિના દેહને જ્વાળાઓ સ્પર્શવા લાગી. મુનિ ધ્યાનમાંથી ચલિત થતા નથી. ધર્મધ્યાનના ચાર પાયા - આજ્ઞાવિચય-અપાયવિચય-વિપાકવિચય-સંસ્થાનવિચય. ભગવાનની આજ્ઞાનું ચિંતવન-આજ્ઞાવિજય. કર્મોથી કયા કયા અપાયો આવે છે તે અપાયવિચય. કર્મોનો વિપાક ચિંતવવો તે વિપાક વિચય. આ બધામાં ધ્યાન ન રહે તે સંસારમાં રખડે તો ક્યાં ક્યાં રખડવું પડે છે તે સંસ્થાન વિચય. આ ધ્યાનમાં પોતાના આત્માની અનુકંપા આવે અને તેથી પરની પણ અનુકંપા આવે. મુનિ બળી રહ્યા છે. આવા ટાઈમે બૂમાબૂમ ને ભાગાભાગ થાય કે ધ્યાનમાં રહી શકે? શક્તિવાળાનું કામ છે. જેનામાં શક્તિ ન હોય તેણે ઉપસર્ગ આદિ સ્થાનોથી દૂર રહેવુ એમ કહ્યું છે. આ તો પ્રતિમાધારી મુનિ સહનશક્તિવાળા હતા. એવા તો ભાગે નહિ. અને એવા ભાગે તો તેઓ દુઃખથી નથી ભાગતા પણ સુખથી ભાગે છે એમ કહેવાય કારણ કે એ વખતે દુઃખ સહન કરવાથી ઘણું સુખ થવાનું છે. શક્તિ છતાં જે દુઃખ સહન ન કરે તે ભાવિમાં મળનારા સુખમાં અંતરાય કરે છે.

આપણે ધર્મ ઠીક ક્યારે કરી શકીએ? બધું અનુકૂળ હોય તો. સત્ત્વશાળી ગમે ત્યાં પણ કરી શકે છે. શક્તિશાળીએ અહીં સહન કરી લેવું જેથી ભવિષ્યમાં તેને બહુ સુખ મળે, સદ્ગતિ થાય. આ મુનિ તો પ્રતિમાવાળા છે અને શક્તિશાળી છે. થોડુંક અહીં સહન કરી લેવું પડે છે પણ થોડી જ વારમાં દેવલોકમાં અસંખ્યાતા વર્ષો સુધીનું સુખ મળવાનું છે. પાછા મનુષ્યપણામાં આવવાના. અત્યાર સુધીના ભવોમાં એવું જ જોતા આવ્યા છીએ. ઠેઠ



G:/2011/JINVANI-11/JINVANI-11-9-MAY

સમરાદિત્યના ભવ સુધી દેવલોક-મનુષ્ય એમ થયા કરે છે. મનુષ્યપણામાં પણ દુઃખનો વિચાર કરો તો કાંઈ નહિ. પ્રસંગે આટલું દુઃખ સહન કરી લે એટલે પાછું આગળ સુખ. આપણા દુઃખની તો ગણતરી જ નથી. આપણે તો એ વિચારવું છે કે મુનિએ જલતાં જલતાં પણ જે સહન કરવાનો અને સુંદર ભાવના કરવાનો જે પુરુષાર્થ કરી અને સહન કર્યું એવી સદ્ભાવના આવી જાય તો કેટલું કામ થઈ જાય? મુનિને અગ્નિકાયના જીવોની અનુકંપા આવી ગઈ. બળીએ આપણે ને દયા અગ્નિકાયની કરીએ? મુનિ વિચારે છે કે જો હું સંસારમાં ન હોત તો મારા સંસર્ગ આદિથી આ અગ્નિકાયના જીવો મરત?

(ગજસુકુમારના પ્રસંગમાં પણ એવી જ વાત છે કે તાજા લોચવાળા મસ્તક ઉપર પાળ બાંધી અંગારા ભર્યા ત્યારે ત્યાં વિચારે છે કે માથું જરા હાલી જશે ને અંગારો નીચે પડી જાય તો કેટલા જીવોને નુકસાન થશે?) તો મુક્તિમાં ન જવાય ત્યાં સુધી કેટલાય જીવોને આપણે દુઃખનું નિમિત્ત બનીએ છીએ! કાઉસ્સગ્ગમાં મુનિનું મન અચલિત છે. ચિત્ત અનુકંપામાં છે. જગતમાં તે ધન્ય છે કે જે મોક્ષમાં ચાલ્યા ગયા. અહીં બળ્યો, અહીં દાઝ્યો, એવી પોતાની ચિંતા નથી કરતા. ગૃહસ્થોને જીવવા માટે અનંત જીવોની હિંસા કરવી પડે છે. તો પછી એમને પણ એવી રીતે જીવોથી પોતાની હિંસાના પ્રસંગો નહિ આવે? રોજ રાત્રે આ વિચાર આવે? અને એ વિચારથી જીવને કમકમાટી થાય? કે આ બધા જીવોને હું જલાવવા આદિથી બહુ દુઃખ આપું છું તો મારે પણ એવું દુઃખ ભોગવવું પડશે ત્યારે શું કરીશ? સંસારમાં જેને દુઃખ બહુ અને સુખ ક્વચિત્ એવા જીવો સુમાર વગરના છે. આ બિચારો કોઈ મને અગ્નિમાં જલાવનારો જીવ મને જલાવીને પોતે સંસારમાં રખડી મોટા દુઃખમાં પડશે. જો હું સંસારમાં ન હોત તો તેના દુઃખમાં નિમિત્ત ન બનત. (આવો પાપી દુર્ગતિમાં જ જવો જોઈએ, આવો વિચાર આપણને આવે. અને એવા વિચારથી આપણે પણ દુર્ગતિમાં જવું પડે.) તીર્થંકર ભગવંતોએ સાચું જ કહ્યું છે કે - કારણથી કાર્ય થાય છે. તેથી મોહપરતન્ત્ર એવા એ જીવની ચિંતા કરૂં છું. બિચારો દુઃખ સમુદ્રમાં પડી રહ્યો છે. મોહનો સ્વભાવ છે કે એને વશ પડેલા જીવો આવા પાપ આચરે છે. જુઓ આ વખતે પોતાના કષ્ટનો કે પોતાનું શું થાય છે તેનો વિચાર જ નથી આવતો. પરની ચિંતા કરી રહ્યા છે. શુભ પરિણામમાં ચઢ્યા છે. તે વખતે પ્રાણ ગયા. અને સાતમા દેવલોકમાં ૧૫ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા.

**ધનશ્રી** તો મને જલાવનાર તરીકે કોઈ જાણી ન જાય તેથી ગૂપચૂપ મંદિરમાં પેસી ગઈ પણ દાસી જાગતી હતી તેણે પૂછ્યું કે **સ્વામિની!** અત્યારે ક્યાં બહાર ગયા હતાં? કહે ક્યાંય નહિ. મંદિરની અર્ધી રાતની પ્રદક્ષિણા આપવા ગઈ હતી. એટલામાં દાસીને દૂર અગ્નિનો પ્રકાશ દેખાયો. કાંઈક શંકા તો પડી પણ સૂઈ ગઈ. સવારે દેવીનું પૂજન વિગેરે પતાવી ઘેર જવા નીકળ્યા. રસ્તામાં મુનિને બળી ગયેલા જોયા. દાસી અને નોકર બેય બોલી ઊઠ્યા કે કયા પાપીએ આવું કાર્ય કર્યું હશે? સ્વામીનીને પૂછ્યું? સ્વામીની કહે આપણને શી ખબર પડે? દાસી વિચાર કરે છે કે 'સ્વામીનીએ મુનિ ક્યાં જાય છે તે જોવા મને મોકલી હતી. રાતે સ્વામીની બહાર ગયા હતા. દૂર પ્રકાશ દેખાયો હતો. કોણ જાણે પણ સ્વામીની આવું કામ શું કામ કરે? શું હશે! કાંઈ સમજાતું નથી.'

સવારે ગાડાવાળો આવ્યો. તેણે જોયું કે પોતાના કાષ્ટથી જ આ ભયંકર કામ થયું છે. કોઈ મહાપાપીએ આવું કામ કર્યું. પોતે દુર્ગતિમાં પડ્યો અને મને પણ દુર્ગતિમાં પાડ્યો. મારા કાષ્ટ આવા ભયંકર કાર્યમાં નિમિત્ત બન્યા. તેને થયું કે આ વાત રાજાને કરૂં. મુનિઘાતનું મહાપાપ કયા પાપાત્માએ કર્યું તેને પકડી રાજા સજા કરે તો સારૂં. (જેમ દ્રૌપદીના પૂર્વભવમાં મુનિનો ઘાત કરનારી એ બ્રાહ્મણીને નગરમાં શેરીએ શેરીએ જાહેર કરવા ગુરુએ સાધુઓને મોકલ્યા હતા.) ગાડાવાળો રાજાને કહેવા માટે ગયો. રાજાને કહ્યું કે **'રાજન્!** આપના નગરમાં કોઈ મહાપાપીએ ઋષિમહાત્માને બાળી નાખ્યા છે.' રાજાએ કોટવાળને બોલાવીને હુકમ કર્યો કે - એ પાપીને શોધી કાઢો. આપણા નગરમાં આવો પાપી ન જોઈએ. કોટવાળ તપાસ કરવા દેવીના મંદિરે ગયો. પૂજારીઓને પૂછ્યું કે આજે રાત્રે અહીં કોણ આવ્યું હતું? **સમુદ્રદત્તની** સ્ત્રી અહીં રાત રહી હતી. (**નંદકે** અહીં **સમુદ્રદત્ત** પોતાનું નામ રાખ્યું હતું.) કોટવાળ વિચારે છે કે આજે રાત્રે એ શું કામ આવી હતી? આજે નથી અષ્ટમી, નથી, ચતુર્દશી. કદાચ પ્રયાણ કરવાનું હોય પણ તે માટે આવતી કાલનો યોગ તો ખરાબ છે માટે આવે નહીં. અતિપાત યોગ થાય છે. કોટવાળ આવું બધું ભણેલો હતો. એટલે વિચારી નક્કી કરે છે કે આમાં નક્કી કાંઈ રહસ્ય છે. સ્ત્રી વિના આવું દુષ્ટ કાર્ય કોઈ કરે નહિ. અબળા પણ ક્યારેક સબળા થઈ જાય છે અને તે વખતે એ ભયંકરમાં ભયંકર કામ પણ કરી બેસે છે.

કોટવાળ તરત જ **સમુદ્રદત્ત**ના ઘરે ગયો. દ્વારમાં જ દાસી મળી. પૂછ્યું કે શેઠાણી અંદર છે કે નહિ? દાસીએ ભયભીત અવાજે કહ્યું કે અંદર છે. કોટવાળ ભય પારખી

Prabhavak Jinwani • RNI No. mahguj / 2000/3217 Postal Regd. No. MH / MR / Kdevi-22 / 09 - 11
MAY - 2011 Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001 on 5th of Every Month

ગયો. એટલે દમ ભીડાવ્યો કે ઋષિહત્યાનું પાપ થયું છે તે જાણતી નથી? અજાણી થાય છે? એટલે દાસી બોલી ગઈ કે મુનિ ક્યાં જાય છે તે જોવા મને શેઠાણીએ મોકલી હતી, એટલી ખબર છે. કોટવાળ સમજી ગયો કે સાર્થવાહ પત્નીનું જ કામ છે. કોટવાળ અંદર જઈ **ધનશ્રી**ને પૂછે છે 'ઋષિનો ઘાત થયો છે. રાજાએ મને તપાસ કરવા મોકલ્યો છે. તમે રાત્રે ચંડિકાના મંદિરમાં હતા? ચાલો રાજા પાસે.' **ધનશ્રી** ગભરાઈ ગઈ. ઢગલો થઈ પડી ગઈ. લોકો ભેગા થઈ ગયા. રસ્તામાં ઘેર આવતા **નંદક**ને ખબર પડી કે કોટવાળ ઘરે તપાસ કરવા ગયો છે. એટલે એ રસ્તામાંથી જ પાછો વળી બારોબાર ભાગી ગયો. બાઈને કોટવાળ રાજા પાસે લઈ ગયો. રાજાને બધો વૃત્તાંત કહ્યો. રાજાએ બાઈને પૂછ્યું કે તું ત્યાં રાત્રે કેમ ગઈ હતી? ક્ષોભથી જવાબ ન આપી શકી. પછી પૂછ્યું કે તું કોની છોકરી છે? કહ્યું કે - '**સુશર્મનગર**ના **પૂર્ણભદ્ર** શ્રેષ્ઠીની પુત્રી છું અને **સાગરદત્ત**ની સ્ત્રી છું.' રાજાએ **સાગરદત્ત**ને બોલાવવા માણસ મોકલ્યો. ખબર મળી કે તે તો નગર છોડી ભાગી ગયો છે. **સુશર્મનગર** માણસ મોકલ્યો. **પૂર્ણભદ્રશેઠે** કાગળ લખી આપ્યો કે - ''મારી છોકરી હતી પણ કુળમાં દૂષણ આપનારી થઈ છે. હવે તેના સંબંધમાં કાંઈ પૂછવાપણું નથી.'' રાજા સમજી ગયો કે આ જ આ દુષ્ટ કામ કરનારી છે. બધી ચોક્કસ તપાસ કરી તેને સજા કરે છે. સ્ત્રીની જાતને સજા શું કરે? પોતાનો દેશ છોડી નીકળી જવાનું કહે છે. આવી પાપીણીને આશ્રય કોણ આપે? ગામ બહાર જઈ એક મંદિરમાં સૂતી. રાત્રે સર્પ કરડ્યો. સાત સગરોપમનાં આયુષ્ય સાથે ત્રીજી વાલુકાપ્રભા નામની નરકમાં ઉત્પન્ન થઈ. એક ધર્માત્માની સ્થિતિ તમે જોઈ અને એક પાપીની સ્થિતિ પણ જોઈ. આપણે ધર્માત્મા જેવી આપણી સ્થિતિ બનાવવી તેજ હિતકારી છે -

*(ક્રમશઃ)*

## પરમ સમાધિપૂર્ણ કાળધર્મ :

પ. પૂ. સંયમમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયહીરસૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટધર, પ. પૂ. ગચ્છસ્થવિર, વર્ધમાન તપોનિધિ આ. ભ. શ્રીમદ્ **વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજા**ના વિનેય, પ. પૂ. શ્રુતસ્થવિર આ. ભ. શ્રીમદ્ **વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજા** સં. ૨૦૬૭ના ચૈત્ર વદ ૪, તા. ૨૧ એપ્રિલના રોજ **પાલીતાણા** મુકામે પરમ સમતા-સમાધિ સાથે કાળધર્મ પામ્યા છે.

તેઓશ્રીની પાલખી ચૈત્ર વદ ૫ તા. ૨૨ એપ્રિલના રોજ નીકળી હતી. સ્વપર સમુદાયના બહુસંખ્ય પૂ. આચાર્ય ભગવંતાદિ મુનિગણ, શ્રમણીગણ તથા ગામેગામથી વિશાળ સંખ્યામાં પધારેલા ભક્તગણની ઉપસ્થિતિમાં શાસન પ્રભાવના સાથે પૂજ્યવરના નશ્વર દેહને વિદાય અપાઈ હતી.

પૂજ્યશ્રીજી શાસનના એક વિશિષ્ટ વિદ્વાન્, શાસ્ત્રજ્ઞ અને સંયમી આચાર્ય તરીકે પ્રસિદ્ધ હતા. તેઓશ્રીના વિરહથી શાસન-સમુદાયને ન પૂરાય તેવી ખોટ પડી છે. ૫૭ વર્ષનો દીર્ઘ સંયમપર્યાય અને ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પૂજ્યશ્રીજી નિર્મળ જીવન, વિશુદ્ધ સંયમનું લક્ષ્ય અને અપૂર્વ શ્રુતભક્તિનો આદર્શ મૂકી ગયા છે.

તેઓશ્રીના અગ્નિસંસ્કાર વગેરેની ઉછામણી સુંદર થવા પામેલ. **સદ્ગત મહાપુરુષને કોટિ કોટિ વંદના.**

Shri Prabhavak Jinvani (Gujarati-monthly), Publisher : Shri Jinvani Pracharak Trust, 59, Bank of India Bldg., 2nd Floor, 185, Sheikh Memon Street, Mumbai-400 002. Editor : Shah Dilip Hargovinddas (Gheewala), printed at M/s. Meghart Color Crafts, 42, Ideal Ind. Estate, Mathuradas Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400 013. The owner and the trust do not have any tie up/collaboration with any foreign organization.